

ખુરશીમાં : (ડાબી બાજુએથી) : સર્વશ્રી સુનીલ ડી. દેસાઈ, પ્રા. ડાહ્યુભાઈ નાયક, પ્રા. અરુણભાઈ નાયક, પી. ટી. આઈ. ડી. ડી. પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી મોહનભાઈ દેસાઈ, આચાર્ય ડૉ. જી. જે. દેસાઈ, ઉપાચાર્ય આર. એસ. ગાંધી, પ્રા. જે. વી. પટેલ, પ્રા. આર. આર. મહેતા, ડૉ. અબ્બાસઅલી કે. તાઈ.

આગળ બેઠેલાં : (ડાબી બાજુએથી) : કુ. અંબાબેન ઝેડ. પટેલ, તૃપ્તિ એસ. દેસાઈ, કુ. ઉષા આર. પટેલ

પાછળ ઊભેલા : (ડાબી બાજુએથી) : સર્વશ્રી રમેશભાઈ આર. પટેલ (પટાવાળા), છોટુભાઈ પી. પટેલ, અરુણભાઈ સી. પટેલ, સંપતભાઈ જી. પટેલ, શૌકત આઈ. લુણત, હરીશકુમાર એમ. પટેલ, કનુભાઈ એમ. પટેલ, રબીન્દર એસ. ચડ્ડા, સુનીલ ડી. પવાર, કાન્તિલાલ પટેલ, શંકરભાઈ જી. પટેલ, અરવિંદભાઈ બી. પટેલ, બાબુભાઈ એમ. પટેલ, પ્રેમભાઈ આર. પટેલ.

# વિમલ

૧૯૮૦–૮૧ • ૧૧

સંપાદકો :

પ્રા. માલતી જે. જોષી • પ્રા. રમણ પાઠક • પ્રા. કે. બી. પટેલ • પ્રા. ભારતીબેન નાયક

■

વિદ્યાર્થી પ્રતિનિધિઓ :

રબીન્દર એસ. ચડ્ડા • કનુભાઈ એમ. પટેલ • શૌકતઅલી આઈ. લુણત

■

વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ સંચાલિત

# આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ

# ચીખલી

શ્રીકૃષ્ણ પ્રેમથી બંકિમ થયેલા હતા. શ્રીમતી રાધાના પ્રેમથી ત્રિભંગ થયા હતા. બાંકેબિહારી શ્રીકૃષ્ણની વ્યાખ્યા કોઈ કોઈ કરે કે શ્રીરાધાના પ્રેમથી ત્રિભંગ ! કાળા શા માટે ખબર છે ? અને ચૌદ મુઠ્ઠી જેટલું નાનું સ્વરૂપ શું કામ ? જ્યાં સુધી ઈશ્વર દૂર હોય ત્યાં સુધી એ કાળું લાગે; જેમ કે સમુદ્રનું જળ દૂરથી આસમાની રંગનું લાગે. સમુદ્રના જળની પાસે જઈએ અને હાથમાં લઈને જોઈએ તો પછી રંગવાળું લાગે નહિ, ત્યારે તો સાફ ચોખ્ખું. સૂર્ય દૂર છે એટલે ખૂબ નાનો લાગે; પાસે જઈએ તો પછી નાનો દેખાય નહિ. ઈશ્વરનું સ્વરૂપ બરાબર જાણી શકીએ તો પછી કાળુંયે ન દેખાય ને નાનુંય ન દેખાય. પણ એ ઘણી જ દૂરની વાત. સમાધિ અવસ્થા થયા વિના એ અનુભવ થાય નહિ. જ્યાં સુધી 'હું' 'તમે' નું ભાન છે, ત્યાં સુધી નામ રૂપનું ભાન પણ છે. એ બધી ઈશ્વરની જ લીલા. 'હું' 'તમે' નું ભાન જ્યાં સુધી રહે, ત્યાં સુધી ઈશ્વર વિવિધ રૂપે પ્રકટ થાય.

"શ્રીકૃષ્ણ પુરુષ, શ્રીમતી રાધિકા એની શક્તિ, આદ્ય-શક્તિ; પુરુષ અને પ્રકૃતિ. યુગલ-મૂર્તિનો અર્થ શો ? પુરુષ અને પ્રકૃતિ અભિન્ન. એમનામાં ભેદ નથી. પુરુષ, પ્રકૃતિ ન હોય તો રહી શકે નહિ; પ્રકૃતિય પુરુષ ન હોય તો રહી શકે નહિ. એકનો ઉલ્લેખ કરતાં જ બીજાનો ઉલ્લેખ એની સાથે સાથે જ સમજી લેવાનો. જેમ કે અગ્નિ અને એની દાહક શક્તિ. દાહક શક્તિ સિવાયના અગ્નિનો વિચાર કરી શકાય નહિ. એટલા માટે યુગલ-મૂર્તિમાં શ્રીકૃષ્ણની દૃષ્ટિ શ્રીમતી તરફ, અને શ્રીમતીની દૃષ્ટિ શ્રીકૃષ્ણ તરફ. શ્રીમતીનો ગૌર વર્ણ, વિદ્યુત સમાન, એટલે શ્રીકૃષ્ણે પીતાંબર ધાર્યું છે. શ્રીકૃષ્ણનો વર્ણ આસમાની વાદળ જેવો, એટલે શ્રીમતીએ આસમાની સાડી ઓઢી છે. અને શ્રીમતીએ નીલકાંત મણિ ધારણ કરીને શરીર સોહાવ્યું છે. શ્રીમતીના પગે નુપૂર, એટલે શ્રીકૃષ્ણેય નુપૂર ધારણ કર્યાં છે. અર્થાત પ્રકૃતિની સાથે પુરુષનો અંદરબહાર સુમેળ."

– શ્રી રામકૃષ્ણ કથામૃત
ભાગ–૨ માંથી સાભાર

# જ્ઞાનયજ્ઞનો ઋત્વિજગણ

ડૉ. જી. જે. દેસાઈ ( આચાર્ય )
પ્રા. આર. એસ. ગાંધી ( ઉપાચાર્ય )
પ્રા. એમ. જે. કાપડિયા ( વાણિજ્ય )
પ્રા. આર. એચ. પાઠક ( ગુજરાતી )
પ્રા. ટી. એમ. દેસાઈ ( હિન્દી )
પ્રા. એસ. આઈ. કાપડિયા ( વેપારી કાયદો )
પ્રા. આર. એ. દેસાઈ ( વાણિજ્ય )
પ્રા. કુ. એન. જે. ક્રિસ્ટી ( અંગ્રેજી )
પ્રા. કુ. માલતી જે. જોશી ( સંસ્કૃત )
પ્રા. બી. ડી. પટેલ ( આંકડાશાસ્ત્ર )
પ્રા. શ્રીમતી બી. જે. નાયક ( ગુજરાતી )
પ્રા. ટી. જે. પટેલ ( વાણિજ્ય )
પ્રા. કે. બી. પટેલ ( અર્થશાસ્ત્ર )
પ્રા. આઈ. એ. મુલતાની ( ઇતિહાસ )
પ્રા. એમ. એસ. પ્રજાપતિ ( અર્થશાસ્ત્ર )
પ્રા. ડી. એન. નાયક ( ગુજરાતી )
પ્રા. જે. વી. પટેલ ( ઈતિહાસ )
પ્રા. એ. એમ. કાપડિયા ( હિંદી–પર્શિયન )
ડૉ. એ. ક. નાઈ ( હિંદી )
શ્રી ડી. ડી. પટેલ ( શારીરિક શિક્ષણ )
પ્રા. એ. એમ. નાયક ( વાણિજ્ય )
પ્રા. આર. આર. મહેતા ( અંગ્રેજી )
પ્રા. શ્રીમતી ડી. એ. હરિયાણી ( મનોવિજ્ઞાન )
પ્રા. કુ. આર. જે. માસ્ટર ( ગુજરાતી )
પ્રા. શ્રીમતી એમ. બી. દેસાઈ ( ઈતિહાસ )

પ્રા. શ્રીમતી બી. પી. દવે ( સંસ્કૃત )
પ્રા. વી. ડી. પટેલ ( આંકડાશાસ્ત્ર )
પ્રા. વી. ડી. શાહ ( વાણિજ્ય )
પ્રા. કુ. લિપ્સા ડી. અધ્વર્યુ ( મનોવિજ્ઞાન )
પ્રા. શ્રીમતી બી. એમ. પંચોલી ( અર્થશાસ્ત્ર
પ્રા. એ. બી. જાદવ ( અંગ્રેજી )
પ્રા. વાય. જે. દેસાઈ ( વાણિજ્ય )
પ્રા. જે. એમ. પટેલ ( ગુજરાતી )

★

શ્રી એ. બી. દેસાઈ ( કાર્યાલયાધીશ )
શ્રી એસ. આર. દેસાઈ
શ્રી એચ. કે. ગાંધી
કુ. એ. એસ. દેસાઈ
શ્રીમતી કે. એ. દેસાઈ
શ્રી જી. જી. પાટિલ
શ્રી એન. જી. પટેલ

★

શ્રી કે. એમ. પટેલ
શ્રી આર. વી. પટેલ
શ્રી સી. આર. પટેલ
શ્રી બી. સી. પટેલ
શ્રી આર. ડી. ચૌહાણ
શ્રી જી. સી. બીરારી
શ્રી આર. આર. પટેલ
શ્રી આર. આર. એમ. પટેલ

## ✻ સ્ટુડન્સ કાઉન્સિલ ૧૯૮૦–૮૧ ✻



**સુનીલ ડી. દેસાઈ**
ટી. વાય. બી. એ.
યુનિ. પ્રતિનિધિ
**તથા**
મંત્રી, નાણાં સમિતિ



**રબીન્દર એસ. ચઢા**
એસ. વાય. બી. કોમ.
મંત્રી,
મેગેઝીન સમિતિ
( મેગેઝીન માટે સાથી વધુ જાહેરાત મેળવનાર



**છોટુભાઈ પી. પટેલ**
ટી. વાય. બી. એ.
મંત્રી,
વકતૃત્વ સમિતિ



**તૃપ્તિ એસ. દેસાઈ**
એસ. વાય. બી. એ.
મંત્રી,
સાંસ્કૃતિક સમિતિ



હરીશકુમાર એમ. પટેલ
ટી. વાય. બી. કોમ.
મંત્રી,
પ્રવાસ સમિતિ



અરૂણકુમાર સી. પટેલ
એસ. વાય. બી. એ.
મંત્રી,
જીમખાના સમિતિ



સંપતભાઈ જી. પટેલ
ટી. વાય. બી. એ.
મંત્રી,
અન્ય પ્રવૃત્તિ



અરવિંદ વી. પટેલ
એફ. વાય. બી. કોમ.
મંત્રી,
આયોજન



કુ. ઈન્દુબેન બી. પટેલ
ટી. વાય. બી. એ.
(ઈતિહાસ) પ્રથમ વર્ગ



કુ. રમીલાબેન બી. પટેલ
ટી. વાય. બી. એ.
(ઈતિહાસ) પ્રથમ વર્ગ



કુ. ચંપાબેન પટેલ
ટી. વાય. બી. એ.
(ઈતિહાસ) પ્રથમ વર્ગ



પ્રફુલ્લ ડી. પટેલ
એસ. વાય. બી. એ.
(હિન્દી) પ્રથમ વર્ગ



કુ. ગીતા જે. માલી
એફ. વાય. બી. કોમ.
પ્રથમ વર્ગ ૬૩%



રાજેશકુમાર બી. આંગાવાલા
એસ. વાય. બી. કોમ.
પ્રથમ વર્ગ



## સેવાકાર્યની તૈયારી

એન. એસ. એસ. તામછડી શિબિર
પ્રા. પ્રજાપતિ (પ્રોગ્રામ ઓફિસર)
વિદ્યાર્થીઓને સેવાકાર્યમાં પ્રયોજી રહ્યા છે.

## પૂર્ણાહૂતિ



એન. એસ. એસ. તામછડી
શિબિરની પૂર્ણાહૂતિ. પ્રોગ્રામ ઓફિસર
પ્રા. પ્રજાપતિ મહેમાનો સાથે.
ડી. ઓ. શ્રી. નાનુભાઈ દેસાઈ
ડે. ડી. ડી. ઓ.શ્રી વગેરે.

ગરબાવૃંદ – દ્વિતીય ક્રમે



**ખુરશીમાં :** તૃપ્તિ દેસાઈ, પ્રા. કુ. રેણુકાબેન માસ્તર, આચાર્યશ્રી ડૉ. જી. જે. દેસાઈ, પ્રા. મધુબેન દેસાઈ, સુનીલ દેસાઈ.



**ખુરશીમાં :** તૃપ્તિ દેસાઈ, પ્રા. કુ. રેણુકાબેન માસ્તર, આચાર્યશ્રી ડૉ. જી. જે. દેસાઈ, પ્રા. મધુબેન દેસાઈ, સુનીલ દેસાઈ.
**આગળ બેઠેલાં :** કુ. લીલા પટેલ, કુ. વનિતા પટેલ.
**પાછળ ઊભેલા :** મોહનભાઈ માહલા, રમેશ ચૌધરી, દિનેશ ચૌધરી, નવનીત ચૌધરી.

## દક્ષિણ ગુજરાત યુનિ. ખો-ખો ચેમ્પિયન ટીમ (બહેનો)



**ખુરશીમાં :** સર્વશ્રી પી. ટી. આઈ. ડી. ડી. પટેલ, આચાર્ય ડૉ. જી જે. દેસાઈ, મેનેજિંગ ટ્રસ્ટી મોહનભાઈ દેસાઈ, પ્રા. અરુણભાઈ એમ. નાયક, વી. એસ. પટેલ (વા. ચેરમેન, જીમખાના)
**આગળ બેઠેલાં :** કેપ્ટન પી. જી. પટેલ, વા. કેપ્ટન રામી બી. પટેલ.
**પાછળ ઊભેલાં :** આર. આર. પટેલ (પટાવાળા), કુ. નંદી પટેલ, કુ પ્રેમીલા પટેલ, કુ. સવિતા ડી. પટેલ, કુ. સવિતા પટેલ, કુ. કમલા રાઠોડ, કુ. ઊષા પટેલ, કુ. કમલા પટેલ, કુ. ઈલા પટેલ,



**ખુરશીમાં :** પી. ટી. આઈ. શ્રી ડી. ડી. પટેલ, પ્રા. શ્રી અરૂણભાઈ એમ. નાયક, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મોહનભાઈ દેસાઈ, આચાર્યશ્રી ડૉ. જી. જે. દેસાઈ, કેપ્ટનશ્રી બી. સી. પટેલ.

**ઊભેલા :** સર્વશ્રી આર. આર. પટેલ (પટાવાળા), મોહનભાઈ માળવા, એમ. આર. પટેલ, જગત પટેલ, હિંમત પટેલ, ધીરુ પટેલ, નવનીત ચૌધરી, લીખુભાઈ સી. પટેલ (જીમખાના પટાવાળા), દિનેશ ચૌધરી, આર. એમ. ગોહિલ, આઈ. એમ. પરમાર, નારણ પરમાર.

વિદ્યાર્થી કોલેજકક્ષાએ અભ્યાસ અર્થે પ્રવેશે, એટલે સ્વાભાવિક જ એની સમાજ પ્રત્યેની જવાબદારી વધી જાય છે. આવી જવાબદારી અદા કરવામાં સર્વપ્રથમ આવશ્યકતા શિસ્તની રહે છે. કોલેજના પુખ્ત વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ વર્તન દર્શાવે તો શાળાના વિદ્યાર્થીઓ પણ તેમને જ અનુસરવાના. કોલેજના વિદ્યાર્થીઓ તોફાનો કરવા માટે આજે નામચીન બન્યા છે; ત્યારે શાળાના વિદ્યાર્થીઓ પણ તોફાનમાં પડે એમાં શી નવાઈ?

આજકાલ વિદ્યાર્થીઓ, ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓ કુટુંબના કે સમાજના વડીલો પ્રત્યે તુચ્છકારપૂર્વક વર્તે છે અને કવચિત્ તેમની વિરુદ્ધ બિબાદે યા તોફાને ચઢે છે. આવા અયોગ્ય વર્તાવથી આખો સમાજ દૂષિત બને છે. મોટા-નાનાની મર્યાદા લુપ્ત થાય તો સમાજવ્યવસ્થા તૂટી જ પડે. અગાઉના વિદ્યાર્થીઓ વધુ વિદ્વાન હતા, છતાં તેઓ પોતાનાં અભણ માતપિતા તથા સમાજના વડીલો પ્રત્યે માન રાખતા. અરે, સવાર-સાંજ માતપિતાને વંદન કરતા; તેઓનો પડયો બોલ ઝીલી લેતા, અને વડીલોની શિખામણ અમલમાં મૂકતા.

હવે જેમ અભ્યાસ વધે છે તેમ ઉદ્ધતાઈ અને અશિસ્ત જ વધે છે. આજના વિદ્યાર્થીઓ સમાજમાં જાણે પોતે જ મહાન છે એવા ખ્યાલથી પીડાતા ફરે છે અને એવો દેખાવ રાખે છે. આ બધાં દૂષણોનાં કારણો અનેક છે, જેને માટે શિક્ષકો પણ ઘણાં જવાબદાર છે. શિક્ષકોનું વેતન સારું છે; અને કામનો સમય પ્રમાણમાં ઘણો ઓછો છે. આવી પરિસ્થિતિમાં તેઓએ પોતાને મળતા મૂલ્યવાન સમયનો ઉપયોગ

વિદ્યાકીય તેજસ્વિતા વધારવા માટે કર
બદલે વિદ્યાર્થીઓ સાથે બિનશૈક્ષણિ
જોડાય છે અને રાજકીય કહેવાય એ
કેટલાક તો પડે છે. રાષ્ટ્રના ભૂતપૂર્વ
અગ્રણીઓની અયોગ્ય ટીકા કરે છે અને
હાથા બનાવી સત્તાધીશો તથા સં
આંદોલનો કરે છે, એવા દાખલા પ
શિક્ષકને શાસ્ત્રોએ "ગુરુ બ્રહ્મા, ગુરુ વિ
મહેશ્વર, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ" કહ્યો છે
હડતાળો પડાવે, આંદોલનો ચલાવે, પછી
પાસે આપણે શી આશા રાખી શકીએ?
તો વિદ્યોપાર્જન તથા વિદ્યાવિતરણનુ
મહત્ત્વાકાંક્ષાઓ એનું તેજ ઘટાડે છે એ સ
સમજી લેવા જેવું છે.

આ ગતિવિધિ આગળ વધતી ર
ભારે શોષવાનું આવશે; કદાચ દેશ ભય
ફેંકાઇ જશે. તો હવે વિદ્યાર્થીએ ક
સમજવાનો છે અને આચરવાનો છે એ
લેવું ઘટે.

વિદ્યાર્થીઓ કોલેજમાં ઊંચું જ્ઞાન મે
નથી. તેમણે પોતાના અધ્યાપકો તથા સ
માન સેવવું જોઈએ, વડીલોનું ગૌરવ જાળ
એ જ વિદ્યાર્થીઓની કુલીનતા તથા ખાન
શિક્ષણથી સંસ્કારી બનવાનું છે અને
તથા સંયમ દ્વારા જ સંસ્કાર કેળવાય. એ
સમાજનાં ગર્વ તથા ગૌરવરૂપ બની
એ તો વિદ્યાનો અર્થ, એ ખોટી હડતાળ
હડતાળો કદાપિ ન પાડે એ દરેક

જ્ઞાનદૃષ્ટિએ તપાસે અને માન તથા પ્રેમથી ઊકેલે. કોલેજમાં શેરબજાર જેવું ઘોંઘાટિયા વાતાવરણ હોય એ વિદ્યામંદિર નથી; એમાં તો મંદિરનાં શાંતિ પવિત્રતા તથા ભક્તિભાવ પ્રવર્તવાં જોઈએ.

આ છે શિસ્તનો વ્યાપક અર્થ. વિદ્યાર્થીઓ વિદ્યાર્થિનીઓને પોતાની બહેન સમજે અને સ્નેહભાવ તથા આદર દર્શાવે. વિદ્યાર્થિની બહેનોની પજવણીનો પ્રશ્ન ભલે આપણે ત્યાં નથી, પણ મોટાં ગામોની કોલેજોમાં એ શરમજનક અનિષ્ટ છે. વિદ્યાર્થીભાઈની ફરજ તો પોતાની બહેનની જેમ કોઈપણ વિદ્યાર્થિની-બહેનની ઇજ્જતનું રક્ષણ કરવાની છે. એને માટે મરી ફીટે તે જ સાચો મર્દ.

તો આપણે હવે આપણી કોલેજમાં એવું વાતાવરણ સર્જીએ કે અહીં પ્રાચીન ઋષિ–આશ્રમો જેવા પ્રશાન્ત, જ્ઞાનમય, તેજોમય, ઊર્ધ્વગામી, નિરંતર ક્રિયાશીલ વિદ્યાધામનો અનુભવ થાય. જો આપણે દેશના જ્યોતિર્ધર બની, સમાજનું હિત કરવાની મહત્ત્વાકાંક્ષા સેવતા હોઈએ, તો આરંભ અહીંથી, વિદ્યાલયોથી જ કરી દેવો ઘટે. આપણે સર્વ પુરુષાર્થ ખેડી, સમાજના પ્રથમ દરજ્જાના નાગરિક બની રહીએ. મારી વિનમ્ર તથા અંતઃકરણની પ્રાર્થના છે કે, મારા વિદ્યાર્થીઓને અત્રે આવા વિદ્યાસંપન્ન બની, ઉત્તમ નાગરિક બની રહેવાની પ્રભુ પ્રેરણા અર્પે ! બળ અર્પે !

■

જિંદગીમાં આપણે મોટામાં મોટી ભૂલ કરી શકીએ એમ છીએ અને તે એવી ભૂલ કરીશું એવી ભીતી સતત સેવતા રહેવાની.

–હુબાર્ડ ( ભૂપેન્દ્ર ભક્ત એફ. બી. કોમ. )

ફિલસૂફ એમર્સનને કોઈ નિગૂઢવાદીએ કહ્યું કે, "દશેક દિવસમાં જગતનો વિનાશ થવાનો છે." 'ભલે,' એમર્સને જવાબ વાળ્યો. "અમારે તો એના વિના ચાલશે."

ભૂપેન્દ્ર ભક્ત એફ. બી. કોમ.



# વિહંગાવલોકન

આચાર્ય ડૉ. ગુણવંતરાય જે. દેસાઇ

આપણી કોલેજનાં બાર વર્ષ પૂરાં થાય છે, અને તેની સાથે સાથે નવી તરાહનું ત્રીજું અને છેલ્લું વર્ષ પણ પૂરું થાય છે. કમનસીબે આ વર્ષે પણ શૈક્ષણિક વર્ષના લગભગ અંત ભાગમાં આંદોલન વ્યાપી ગયું, પરિણામે આપણી ડિગ્રી કક્ષાના વિદ્યાર્થીઓને હજી સુધી પરીક્ષાભવન સુધી મોકલી શકાયા નથી. આશા છે કે વિદ્યાર્થીઓ, કેળવણીકારો, શિક્ષકો અને સમગ્ર સમાજ, વિદ્યા જગતને વધુ આંચકા આપે નહિ એવી નિરુપદ્રવી સમસ્યા ઉકેલની પદ્ધતિની ખોજ તરફ હવે મંડી પડે. જો એમ ન થાય, તો આપણું માળખું પોતે જ કાલગ્રસ્ત થવાને આરે આવે છે એવી પ્રતિતી થતી રહે છે, ચાલુ વર્ષે કોલેજમાં બધા જ વર્ગોમાં કુલ વિદ્યાર્થી સંખ્યા નીચે અનુસાર હતી. તુલનાત્મક સમીક્ષા માટે અગાઉના વર્ષોના આંકડા આપ્યા છે.

| વર્ષ | કુલ સંખ્યા | વિદ્યાર્થી | વિદ્યાર્થિની | એસ. સી. | એસ. ટી. | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯-૭૦ | ૨૧૩ | ૧૭૮ | ૩૫ | ૩ | ૩૯ | ૪૨ |
| ૧૯૭૯-૮૦ | ૬૭૮ | ૩૯૫ | ૨૯૨ | ૧૭ | ૪૦૪ | ૪૨૧ |
| ૧૯૮૦-૮૧ | ૭૫૧ | ૪૭૨ | ૨૭૯ | ૧૬ | ૪૩૧ | ૪૪૭ |

ટૂંકમાં શરૂઆતના ૧૯૬૯-૭૦ના વર્ષની કુલ વિદ્યાર્થી સંખ્યાની સાથે વિદ્યાર્થિનીઓનું જે પ્રમાણ ૧૭ ટકા જેટલું હતું તે આજે બાર વર્ષ પછી ૩૭ ટકા જેટલું થયું છે. તે જ પ્રમાણે, કુલ વિદ્યાર્થિનીઓની સામે વર્ગીકૃત જાતિ અને જનજાતિ, આદિવાસી વિદ્યાર્થીઓની સંખ્યા, જે ૧૯૬૯-૭૦માં ૧૯ ટકા હતી તે ચાલુ વર્ષે ૬૦ ટકા જેટલી થઈ છે. આ કોલેજમાં હાલમાં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓની સંખ્યા પણ ૧૭૫ જેટલી છે, જે કુલ સંખ્યાના ૨૩ ટકા જેટલી થાય છે અને તેઓ સરકારી ફી માફી મેળવે છે. આમ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં બાકી રહેતા લગભગ ૧૭ ટકા જેટલા મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ જ ફી ભરે છે. કોલેજની જ્ઞાનવિસ્તારની ઉપર્યુક્ત પરિસ્થિતિ જોતાં કોલેજ આ વિસ્તારના નબળા વર્ગોને માટે આશીર્વાદરૂપ બની છે તે સ્વયંસ્પષ્ટ છે.

કોલેજ શિક્ષણના વ્યાપ સાથે ગુણવત્તા-સુધારણા માટે પણ પૂરતી કાળજી રાખી છે, અને તે અધ્યાપકોની સંનિષ્ઠાને લીધે શકય બન્યું છે. ૧૯૭૯-૮૦ના વર્ષનાં કોલેજના જુદા જુદા વર્ગોનાં પરિણામોની તારીજ નીચે અનુસાર છે.

| વર્ગ | બેઠા | ઉપર ગયા |
|---|---|---|
| એફ. વાય. બી. એ. | ૧૪૬ | ૧૩૨ |
| એસ. વાય. બી. એ. | ૧૨૦ | ૧૧૯ |
| ટી. વાય. બી. એ. | ૨૦૪ | ૧૭૭ |
| એફ. વાય. બી. કોમ. | ૮૬ | ૭૮ |
| એસ. વાય. બી. કોમ. | ૪૦ | ૩૦ |
| ટી. વાય. બી. કોમ. | ૫૩ | ૨૭ |

ટી. વાય. બી. એ.ની ડિગ્રી પરીક્ષામાં ૩ વિદ્યાર્થીઓ, એસ. વાય. બી. એ.ની પરીક્ષામાં ૧, અને એફ. વાય. બી. કોમ.ની પરીક્ષામાં ૨ વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ગ મેળવી કોલેજનું નામ દિપાવ્યું છે.

કોલેજની લાયબ્રેરી બાર વર્ષના ગાળામાં સુસમૃદ્ધ બની છે, જેમાં હાલમાં અંદાજે રૂા. ૧,૧૬,૦૦૦-૦૦ (એક લાખ સોળ હજાર રૂપિયા)થી વધુ કિંમતનાં આશરે ૭,૯૩૨ પુસ્તકો છે. નબળા વર્ગોના વિદ્યાર્થીઓને સહાયભૂત થવા વિદ્યાર્થી સહાયક પુસ્તકાલય પણ ચાલે છે, એમાં આશરે રૂા. ૭,૦૦૦-૦૦ની કિંમતનાં પુસ્તકો ઉમેરાતાં અંદાજે રૂા. ૨૪,૦૦૦-૦૦ કિંમતનાં આશરે ૧૩૬૫ પુસ્તકો થયાં છે, અને તેનો લાભ ૨૫૦ જેટલા ગરીબ વિદ્યાર્થીઓએ લીધો છે.

કોલેજમાં સીનેમા પ્રોજેક્ટર, ટી. વી. સેટ, રેડિયો, રમતગમતના સુસજ્જ મેદાનની ભૌતિક સુવિધાઓ ઉપરાંત કેમ્પસને હરિયાળું બનાવવાનો એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ અમારા મેનેજિંગ ટ્રસ્ટી **શ્રી મોહનલાલ દેસાઇની** પ્રેરણા અને જહેમતથી હાથ ધરવામાં આવ્યો છે. સમગ્ર કેમ્પસ પર હજારો વૃક્ષો ઉછેરી એક ગ્રામઉપવનનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન કરવામાં અમને આદિવાસી પેટા યોજનાના પ્રોજેક્ટ અધિકારી **શ્રી વોરા સાહેબ** તથા ચીખલીના **વિકાસ અધિકારીશ્રી** તથા **વન વિભાગના અધિકારીઓનો** અમૂલ્ય સહકાર પ્રાપ્ત થયો છે. પરંતુ આ આયોજનમાં લગભગ ૧૬ એકર જમીન ઉપર સિંચાઇની વ્યવસ્થા પાર પાડવામાં બીલીમોરાની **એલ. એમ. પી. પેઢીએ** વિના મૂલ્યે બોર ડ્રિલીંગ કરી આપવાનું જે સખાવતી કામ કરી આપ્યું તે બદલ ટેકમિસ્યનોના અને **શ્રી લલ્લુભાઇ પંચાલ** અને તમના પુત્રોના અમે ઋણી છીએ. ગ્રામઉપવનની સમગ્ર કલ્પનાને નક્કર સ્વરૂપ આપવામાં **શ્રી અમૃતભાઇ દેસાઈ** અને અમારા અન્ય બિનશૈક્ષણિક કર્મચારીઓનો ફાળો મહત્વનો છે તેનો ઉલ્લેખ કરવો ઘટે.

કોલેજમાં એન. એસ. એસ.ની પ્રવૃત્તિ પ્રશંસનીય રીતે ચાલે છે અને ચાલુ વર્ષે ધરમપુરના ખૂબ જ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ અગવડભરી પરિસ્થિતિમાં પણ સેવાપ્રવૃત્તિ કરી છેવાડું જીવન જીવતાં આદિવાસીઓનાં દિલ જીતી લીધાં. તામછડી કેમ્પસની પ્રવૃત્તિઓને યુનિવર્સિટી અને સરકારી વર્તુળોમાંથી જે આવકાર મળ્યો તેથી અમે ગૌરવ અનુભવીએ છીએ.

શારીરિક અને રમતગમત ક્ષેત્રે પણ ચાલુ વર્ષે નોંધપાત્ર સિદ્ધિઓ જારી રાખી છે. બહેનોની ખો-ખો ટીમ ચેમ્પીઅન બની, જ્યારે ભાઇઓની ખો-ખો ટીમ રનર્સ અપ બની, તે ગૌરવની વાત છે.

સાંસ્કૃતિક ક્ષેત્રે પણ કોલેજ ગજું કાઢતી રહી છે. વેસ્ટર્ન રેલવે જીમખાનાની ગરબા સ્પર્ધામાં આપણી બહેનો બીજું પારિતોષિક જીતવા સમર્થ બની, યુનિવર્સિટી યુવક મહોત્સવમાં આપણું લોકનૃત્ય અગ્રિમ બન્યું, તેમ જ તાલુકા યુવક મહોત્સવ કક્ષાએ વિવિધ ઇનામો મેળવવા આપણા કલાકારો સફળ બન્યા.

અંતમાં કોલેજના સંચાલનમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર મેનેજિંગ ટ્રસ્ટી **શ્રી મોહનલાલ દેસાઈ** તથા તેમના કુટુંબીજનોનું ઋણ ચીખલી વિસ્તારની જનતા કદી ભૂલી શકશે નહિ. પોતાની રૂા. ચાર લાખની ગાંઠની રકમ વિના વ્યાજે રોકી, તેમણે કોલેજને જીવતદાન આપ્યું, તો આજે પ્રભુ-સહાયથી આપણે એક વિશાળ વિદ્યાર્થી ભવન અને રળિયામણું કેમ્પસ ઉભું કરી શક્યા છીએ. આ સેવાયજ્ઞમાં ટ્રસ્ટીઓ **શ્રી ભગવાનજીભાઈ દેસાઇ, શ્રી સલીમભાઈ પટેલ, શ્રી દિનકરભાઈ દેસાઇ** અને **શ્રી અમૃતભાઇ દેસાઈનો** ફાળો પણ અમૂલ્ય છે. તેમનાં ઉમળકાભર્યા સહકાર અને માર્ગદર્શન આપણે માટે પ્રેરણારૂપ બન્યાં છે. ગવર્નીંગ બોડીના માનદમંત્રી **શ્રી ડાહ્યુભાઇ દેસાઇ** પણ આપણી સમસ્યાઓ અને સિદ્ધિઓના સહૃદયી સહભાગી બન્યા છે તેમના સહકારનો પણ હું ઋણસ્વીકાર કરું છું.

આપણા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યો તમામ પ્રવૃત્તિઓના ચાલકબળ તરીકે રહ્યા છે તેની નોંધ લઇ વિરમું છું. ■

# ઈતિહાસનું શિક્ષણ : સમસ્યાઓ અને પરિવર્તનની દિશાઓ

– આચાર્ય ગુણવંતરાય જે. દેસાઈ

શિક્ષણક્ષેત્રે ઈતિહાસ અને સંસ્કૃતિના અધ્યયન અધ્યાપનની વિદ્યાકીય જરૂરિયાત વિશે ભાગ્યે જ કોઈ વિવાદને સ્થાન છે. મને લાગે છે કે મુખ્ય વિવાદ ઈતિહાસશિક્ષણની અગત્ય ઉપર મુકાયેલા ભાર (Emphasis) અને શિક્ષણવ્યવસ્થામાં તેને અપાયેલા દરજ્જા અંગે પ્રવર્તે છે. ઉ.ત. માધ્યમિક શાળાઓમાં ઈતિહાસ અને સંસ્કૃતિનો વિષય કેટલાંક વર્ષોથી અમેરિકાની શિક્ષણપદ્ધતિની અસર હેઠળ, જુદા વિષય તરીકે શીખવાતો નથી, પરંતુ સમાજશાસ્ત્રો (ઈતિહાસ, નાગરિકશાસ્ત્ર અને ભૂગોળ) સંકલિત કરી ઘડેલો, કહેવાતો નવો વિષય એ નામે માત્ર આછી પાતળી રૂપરેખારૂપે શીખવાય છે. અમેરિકાના અનુકરણમાં આપણે માધ્યમિક કક્ષાએ કરેલી આ ભૂલનાં દુષ્પરિણામ આપણી સમગ્ર શિક્ષણવ્યવસ્થા અને વિદ્યાર્થીની બૌદ્ધિક-સાંસ્કારિક સજ્જતા પર વર્તાવા લાગ્યાં છે. અમેરિકા એ પ્રમાણમાં આધુનિક દેશ છે. તેનો કોઈ પ્રાચીન સમૃદ્ધ સંસ્કાર-વારસો નથી; તેનો ઈતિહાસ પણ માત્ર બસોએક વર્ષ જૂનો છે; તે દેશના શિક્ષણશાસ્ત્રીઓએ સ્થાનિક જરૂરિયાતના સંદર્ભમાં કરેલા પ્રયોગને સમૃદ્ધ સંસ્કૃતિ અને લાંબો ઈતિહાસ ધરાવતા આ દેશમાં દાખલ કરી, આપણી નવી પેઢીને આપણાં સાંસ્કૃતિક વારસાથી વિખૂટી પાડી નાખવાનું મહાપાપ આપણે આચર્યું છે. કોઈ પણ રાષ્ટ્ર તેના સમૃદ્ધ લોકજીવનના સ્રોતથી અલગ પડી જઈ, શિક્ષણ પ્રણાલી સર્જે તો ગંભીર સામાજિક તનાવોની પરિસ્થિતિ સર્જાય છે અને તે જ આપણે ત્યાં થઈ રહ્યું છે.

તમે વધુ તપાસ કરો: આજે ભૌતિકવાદી ઉદ્યોગ, વાણિજ્યપ્રધાન મૂલ્યોએ પશ્ચિમી જગતનો ભરડો લીધો છે અને તે સાધવાની વિવિધ પ્રક્રિયાઓ મૂડીવાદ, સમાજવાદ, નવસામ્રાજ્યવાદ, એકાધિકારવાદનાં શોષણો અને જુલમોમાં પરિણમી છે. તેની સામેના પડકારરૂપે રાષ્ટ્રવાદની સાથે સાથે આધુનિકતાનો વિરોધ કરતી મધ્યયુગીન, મતાંધવાદી ઈસ્લામી વિચારસરણી તાજેતરમાં એશિયાઈ અને ઉત્તર આફ્રિકી રાજ્યોમાં સંગઠિત થઈ રહી છે. ભારત જેવા લોકશાહી રાજ્યે પશ્ચિમી આધુનિકીકરણ અપનાવ્યું, પરંતુ તેના ઐતિહાસિક સંસ્કાર વારસા સાથેનો સંદર્ભ રાષ્ટ્રિય જીવનસ્રોત સાથે તૂટી જવાથી, અહીં પણ પેલાં મધ્યયુગી મજહબી કોમી તત્વોને પોષવાનો આયાસ રાજકારણને કલુષિત કરી રહ્યો છે. ઈરાનની કે અફઘાનીસ્તાનની હાલની કટોકટી એ તો ઉપસી આવેલો પરપોટો માત્ર છે; ઉકળતો ચરૂ તો નીચે છે. પશ્ચિમે વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રભાવ હેઠળ ઉચ્ચ જીવનધોરણ સર્જ્યું, તે ટકાવવા "એનર્જી"ની શોધમાં પડવું પડયું અને એથી આરબ રાષ્ટ્રો તથા ઈરાન સાથે તેનો પનારો પડયો. આ સંબંધલીલામાં આ રાષ્ટ્રોનાં ઈતિહાસ-સંસ્કૃતિ પૂરાં વીસરાઈ ગયાં. અફઘાનિસ્તાનની સ્વતંત્ર મિજાજની પ્રજાની આઝાદીનો પ્રશ્ન લોર્ડ લિટનના સમય જેટલો જૂનો છે અને રશિયન ઈરાદાઓ પણ એટલા જ જૂના અને જાણીતા છે. છતાં જગતની પ્રજાઓનાં ઈતિહાસ-સંસ્કૃતિના પાઠ ભૂલી જઈ, અમેરિકાએ સ્વાર્થી બની, ઈરાનમાં શાહની સરમુખત્યારી અને દમનને તેમજ પાકીસ્તાનમાં ત્રણ ત્રણ લશ્કરી સરમુખત્યારોને ટેકો આપ્યો. તે પછી ઈતિહાસ-સંસ્કૃતિની પાયાની બાબતો અવગણવામાંથી જ પ્રત્યાઘાતરૂપે ઈસ્લામના જડબેસલાક નાફેરવાદી, મૂળ-ભૂતવાદી આયાતોલાહો અને મુલ્લાઓના હાથમાં રાષ્ટ્રોનો દોર જઈ પડે તેમાં નવાઈ શી ?

આ તો વિશ્વશાંતિનો વિશાળ પ્રશ્ન થયો, જે આપણા શાળા-કોલેજના વિદ્યાર્થીએ જાણવો, સમજવો

જરૂરી છે. કારણ તેણે એક ખતરનાક જગતમાં જીવવાનું થવાનું છે. પણ આપણા શાળાકીય વર્ગોમાં પણ ઉદ્યોગવાણિજ્યવાદ એટલી હદે વકર્યો છે કે નામાનિષ્ણાત (સી. એ.) બનો. ઈજનેર કે ટેકનોક્રેટ બનો. ડૉકટર થાઓ, કુવૈત જાઓ, અમેરિકા જાઓ, ગમેતેમ પણ ઝટપટ ધનપતિ બનો. આ બધી વિદ્યાઓ જાણશો તો ભયો ભયો ! પછી ભલે દાનવીર કર્ણનું ધનકુબેર દેશભક્ત ભામાશા અને જમનાલાલજી બજાજનું નામ પણ નહીં જાણો તો વાંધો નહીં પશ્ચિમી ટેકનોલોજીના નિષ્ણાત બનો, પણ અબ્રાહમલિંકન, કેનેડી, મેડમ કયુરી, આઈન્સ્ટાઈન વિષે કશું ન જાણો તો વાંધો નહિ. ઘર આંગણે સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગના વિષયો ભણો, પણ આર્યભટ્ટ, ભાસ્કર (ભાસ્કર કેટલા ?) દયાનંદ, નર્મદ, શ્રી અરવિંદ, નહેરૂ, ગાંધી જીવનમાં ફરકે પણ નહીં તો વાંધો નહિ. આમ થાય તો દીકરો ધનવાન બનશે. મોટરગાડી, બંગલાનો માલિક બનશે, પરંતુ પોતાનાં જ ભાંડુઓના શોષણનાં કુકર્મો કરતાં અચકાશે નહિ. પશ્ચિમના "પરમિસીવ" સમાજે આપેલી સ્વતંત્રતાથી ખુદ માતાપિતાને કે પત્નીને છેહ દેતાં અટકશે નહિ; કારણ એના જીવનમાં સંસ્કૃતિ વિચ્છેદના કારણે પેલા નચિકેતા, એકલવ્ય, શ્રવણ, વિવેકાનંદ કે ગાંધીના મૂલ્યપિંડ બંધાયા નથી અને એ મહાપાપ આપણે આપણા સમૃદ્ધ સાંસ્કારિક વારસાને દેશવટો આપીને આચર્યું છે.

તો મારી દૃષ્ટિએ ઈતિહાસ શિક્ષણને તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાંથી ઉવેખીને આપણા સમાજે અને જવાબદાર વિદ્યાપુરૂષોએ સુદ્ધાં ભાવિ પેઢીને હાનિ પહોંચાડી છે. તમે અહીં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાકીય પ્રવૃત્તિઓ જ જુઓ. ચૌદ વર્ષમાં આ યુનિવર્સિટીને અર્થશાસ્ત્ર, વાણિજ્ય અને વૈજ્ઞાનિક વિષયો–વિભાગો વિકસાવવામાં જ રસ રહ્યો છે અને એ રીતે પોતાનો ભૌતિકવાદી અભિગમ જ તેણે છતો કર્યો છે. સાહિત્ય, ઈતિહાસ, સંસ્કૃતિના વિભાગો શરૂ કરવાનું તેને સૂઝયું નથી. આ બિના સૂરત જેવા સમૃદ્ધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવતા નગરના કેન્દ્રમાં રહેલી યુનિવર્સિટી માટે કેવી દયનીય "ઇમેજ" પ્રગટાવે તે આપ સમજી શકશો. પરંતુ આ તો એક બાહ્ય લક્ષણ છે; રોગ ઊંડો અને વ્યાપક છે. છેલ્લાં સોએક વર્ષમાં પશ્ચિમી યુરોપ અને અમેરિકાએ વિજ્ઞાનદ્વારા કુદરત પર જેટલો કાબુ મેળવ્યો છે તેટલો રાષ્ટ્રો, વ્યક્તિઓ અને વર્ગો વચ્ચેના સામાજિક સંબંધો પર તેમનો કાબુ રહ્યો છે ખરો ? શા માટે તનાવ વધતો જ ચાલ્યો અને જગતને બે મહાન વિશ્વવિગ્રહોનો વિનાશ વેઠવો પડયો ? કારણ એટલું જ કે ઈતિહાસનો પદાર્થપાઠ આપણે વર્ગખંડોમાં પહોંચાડયો નથી. મૂડીવાદી અને એકાધિકારવાદી સમાજોએ આત્યંતિક સામ્રાજ્યવાદી અને નવસામ્રાજ્યવાદી સ્વરૂપોમાં દુનિયાની ૨૦ ટકા વસ્તીને માટે જગતના ૮૦ ટકા સાધનોનાં ટેકનોલોજીની સહાયથી કરેલાં ઉપભોગ અને શોષણની લીલા ઇતિહાસે તેના નવઅભ્યાસુઓને સમજાવી નથી. તે તો રાજા–મહારાજા અને લડાઈઓની તવારીખ જ સમજાવતો રહ્યો છે. આથી જગતની સામાજિક–આર્થિક ક્રાંતિ અને પ્રગતિ ખોટકાઈ પડયાં છે. મને લાગે છે કે ઈતિહાસ સમક્ષનો સૌથી મોટો પડકાર સાંપ્રત જગતના પ્રશ્નોને તેના ભૂતકાળના જીવંત સંદર્ભમાં ઉપસાવવાનો અને ઉકેલવાનો છે. આ સંદર્ભ સ્થાપવા માટે આપણે માત્ર રાજકીય, સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક ઘટનાઓના અભ્યાસ પર આધાર રાખીશું તે હવે ચાલશે નહિ. આપણે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના ઈતિહાસને પણ પરિપ્રેક્ષ્યમાં રાખવો પડશે. જગતના બળવાન અને નબળા, સમૃદ્ધ અને અકિંચન, વિકસિત અને અણવિકસિત સમાજો વચ્ચે થતા સંઘર્ષ અને સહકારની આંતરક્રિયાઓ પણ ખ્યાલમાં રાખવી પડશે. અને આ તમામ આંતરક્રિયાથી સમગ્ર માનવજીવન પર થયેલી સારી નરસી અસરો અને તેમાંથી ઊભા થયેલા પ્રશ્નો સમજવા–સમજાવવા પડશે. તો જ આપણે આપણા વિદ્યાર્થીને ભાવિ નાગરિકને તેની સમક્ષ ઊભેલા પડકારોનો સામનો કરવા સજ્જ કરી શકીશું.

ઈતિહાસ શિક્ષણની આવી અવદશા માટે ઈતિહાસનું સાંપ્રત શિક્ષણ કે ઈતિહાસ શિક્ષકો પણ કાંઈક અંશે જવાબદાર રહ્યા છે, એવો નમ્ર એકરાર શિક્ષક તરીકે કરવામાં હું નાનમ અનુભવતો નથી. ૧૯૮૧ના ભારતને સમજવા માટે નહેરુયુગ, બિનજોડાણવાદ, પંચવર્ષીય યોજનાઓ, ઔદ્યોગીકીકરણ અને કૃષિવિકાસની સમસ્યાઓ સમજવાની જરૂર અમારામાંના કેટલાકને લાગી નથી. અને કેટલીયે યુનિવર્સિટીઓમાં આધુનિક ભારતના ઇતિહાસનુ શિક્ષણ ૧૯૫૦ના વર્ષ સાથે સમાપ્ત થઇ જાય છે, આ દયનીય દશા નવા દિશા-સૂચનથી જ નીવારી શકાય. ઉ. ત. તમે ભારતમાં દુકાળની પરંપરા સમજાવતા હો, ત્યારે જ તમે બ્રિટીશ સમયની લીટન કે કર્ઝનની દુષ્કાળનીતિ સાથે સાંકળી, સ્વતંત્ર ભારતની ગ્રામ અને કૃષિ વિકાસની નીતિ હરિયાળી ક્રાંતિ અને હાલના ઉદ્યોગ વિરુદ્ધ કૃષિના વિવાદને સાંકળી લઈ શકો. "રવીન્દ્ર ભારતી" યુનિવર્સિટીના એક પ્રાધ્યાપકે લખેલ "કૌટિલ્યના અર્થશાસ્ત્રીય વિચારોનો સંદર્ભ" લેખ વાંચી હું પ્રભાવિત થયો હતો. તમે પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં આર્યભટ્ટ કે ભાસ્કરાચાર્ય વિશે શીખવતા હો, તો આધુનિક "આર્યભટ્ટ", "ભાસ્કર" અને "અવકાશવિજ્ઞાન" અને "ભારત" સાથેનું અનુસંધાન રહેવું જ જોઇએ. વર્ણાશ્રમ–વ્યવસ્થા અને મનુસ્મૃતિ ભણાવતી વેળા આજના હરિજન પ્રશ્નો, સ્ત્રીઓના દરજ્જા અને વિશ્વના રંગભેદના પ્રશ્નનો, નિર્દેશ થવો જ જોઈએ, તો જ પ્રશ્નોનાં મૂળ ભૂતકાળમાં કેટલા ઊંડાં છે તેનો વિદ્યાર્થીને ખ્યાલ આવશે. મોહેં જો–દડોની નગરરચના ભણાવતાં, સુરત જેવાં ઉરાંગ ઉટાંગ રીતે વિકસતા શહેરના નગર–આયોજનના વસતિ વધારાના પ્રશ્નો ઐતિહાસિક પરિ-પ્રેક્ષ્યમાં ચર્ચાવા જ જોઈએ; જેમ કે, અઢારમી સદીમાં નિબુર અને બીજા પરદેશી મુસાફરોએ સુરતની બાંધણી અને ખતરનાક ગંદકીના કરેલાં વર્ણનો બતાવી, હજી આજેય આ પ્રશ્ન આપણે ઊકેલ્યો નથી, બલ્કે વકરાવ્યો છે એમ વિદ્યાર્થીઓને બતાવવું જોઇએ. આમ થાય તો જ ઇતિહાસ તેની મૃતઃપ્રાય વિષયની અવદશામાંથી બહાર આવી જીવંત બનશે. બાકી સમાજને પ્રાચીન જ્ઞાનની વિગતોનો સંઘરો કરવામાં રસ નથી. તેને તો આ જ્ઞાન તેના સાંપ્રત પ્રશ્નો ઉકેલવામાં કેટલી હદે મદદરૂપ થાય તેમાં રસ છે. સદ્ભાગ્યે માનવીય પ્રશ્નો સમજવા માટે, અને ઇચ્છા હોય તો ઉકેલવા માટે ઈતિહાસ ને વિજ્ઞાન લેખે સારી ફાવટ આવી શકે એમ છે; કારણ કે ઈતિહાસની તવારીખ એ સામાજિક જીવનની જીવતીજાગતી પ્રયોગશાળા છે; જ્યાં કુદરત માનવીની અપૂર્ણતાઓ પર પ્રયોગ કર્યે જાય છે. આ પ્રયોગશાળા ભલે કોઈ અંતિમ ઉકેલ ન આપે, તોય બહેતર સમાજજીવનનાં દિશાસૂચનો મૂકે છે, અને ક્રમમાંક્રમ માનવસમાજ સામેનાં જોખમો સામે લાલ બત્તી ધરવાનું કામ તો કરે જ છે. અને આથી જ ઇતિહાસનો પદાર્થપાઠ મૂલ્યવાન બને છે. સાર્વત્રિક કેળવણીના આ યુગમાં આપણે ઈતિહાસ શિક્ષકો આ પાયાની બાબત વિશે જેટલા જલદી જાગ્રત બનીએ તેટલી જલદી ઈતિહાસ–શિક્ષણની લોપ થતી જતી વિશ્વસનીયતા અટકશે અલબત્ત. એ વિશ્વાસનીયતાને સંપૂર્ણપણે પ્રસ્થાપિત કરવાનું મહાભારત કાર્ય આપણું ધ્યેય બની રહેવું જોઈએ. ■

૧. એમ. ટી. બી. આર્ટ્સ કોલેજની કોલસીપ યોજનાના પરિસંવાદ પ્રસંગે ઉદ્ઘાટન પ્રવચન.



## તું ક્યાં નથી ?

કુ. સંજીવની વી. પાટેકર
એસ. વાય. બી. કોમ.

પહેલાં તો હું તને,
શોધતી જ રહી શોધતી જ રહી
તું ક્યાં છે ? ક્યાં શોધુ તને ?
પણ....
જોયું ફૂલ,
હસતો હતો તું,
જોયો દરિયો,
લહેરોની લયમાં મલકતો હતો તું.
રાત 'દિ ની ધૂપછાવમાં,
ખેલતો સંતાકૂકડી તું.
મારાં અશ્રુ તારા ફૂલના હાસ્યમાં
મારાં કંપન તારા તરંગમાં,
હવે તો રોમરોમના સિમાડે
તું ઊગ્યો છે.
સવાલ તો એજ છે હવે,
કે તું ક્યાં નથી ?

— o —

## લોકગીત (ગામીત ભાષામાં)

કુ. નીતા આર. દેસાઈ
ટી. વાય. બી. એ.

પાગજે હાકલ, હાથ જે હાકલ, પાગજે શોભા લે,
હેલ્લે જોડી, મેલ્લે જોડી, ગગન શોભા લે !
પાગજે સાંકળા, પાગજે સાંકળા, પાગજે શોભા લે,
હેલ્લે જોડી, મેલ્લે જોડી, ગગન શોભા લે !
કાન જે કુંડળ, કાન જે કુંડળ, કાન જે શોભા લે,
હેલ્લે જોડી, મેલ્લે જોડી, ગગન શોભા લે.
ઘડજે હારા, ઘડજે હારા, ઘડજે શોભા લે,
હેલ્લે જોડી, મેલ્લે જોડી, ગગન શોભા લે !
પાગજે હાકલ, પાગજે હાકલ, હલ્લે જોડી....

## ગઝલ

-દીપક એમ. દેસાઇ
એસ. વાય. બી. કૉમ.

બરબાદને આ સારી વ્યવસ્થાનું ક્યારે ભાન હતું ?
યુવાન પાંખ હતી, વૃદ્ધ આસમાન હતું.
ન મારા દિલમાં એનું નામ કે નિશાન હતું,
મારે રૂંવે રૂંવે, જેમનું મકાન હતું.
જીવનનો જામ ભરાતો ગયો, પિવાતો ગયો,
ચડયો છે કેટલો નશો, એ કોને ભાન હતું ?
તમારી જેમ હુંયે મારો પરદો રાખું છું,
ગુમાન તમને હતું, તો સમાન મને હતું.
કાંઈ જુલ્ફની સુગંધ દિલને ભરતી રહી,
બરબાદ આ તારી ઉપર કોણ મહેરબાન હતું ?

— • —

## કોને કહું ?

-વિનુભાઈ જી. પટેલ
એસ. વાય. બી. એ.

કોને કહું મારા દિલડાની વાતો ?
કોને કહું મારાં સ્વપ્નની વાતો ?
કલ્પના થકી મારા જાય છે દિવસો,
સ્વપ્ન થકી મારી જાય છે રાતો.
હંસારાજા પધાર્યા મારે આંગણે,
મારા હૈયાનો હરખ નવ માય.
મારા વિધિએ લખ્યાં લેખ,
કોને કહું મારા નસીબની વાતો ?
ભરતી અને ઓટ આવે દરિયામાં,
સુખ અને દુ:ખ આવે જીવનમાં,
કોને કહું મારા દિલનાં ભરતી–ઓટની વાતો ?
કોણ સાંભળશે મારા દિલડાની વાતો ?

— ० —

## 'વિષાદ વિયોગ'

-મહેશ કે. પટેલ
એફ. વાય. બી. કોમ.

હે દોસ્ત !
બે પલ્લામાં પગ મૂકીને
માછલીને વીંધી નાંખ.

કારણ કે
માછલીને શરદી થઈ જવાની વકી છે.
અર્જુન કમ્મર કસીને તૈયાર છે
પરંતુ હું
માછલી અને અર્જુન
અર્જુન અને માછલીને
તાકી તાકીને જોયા કરુ છું.

કારણ કે....
મારા હાથમાં તો
ધનુષ-બાણ કડ્ડડ્ કરતાં તૂટી ગયાં,
આંખોનાં ભોગળ-આગળા છૂટી ગયાં,
શમણાં રસ્તે વેરાઈ ગયા;
હવે તો પલ્લામાં
તરફડતી માછલીના છેદાયેલા દેહને
વલવલાં કરતો જોઉં છું,
હું ત્યાં જ ખોડાઈ જાઉં છું.
કારણ કે—
કારણ કે....
પાંખો માથા પર ઘુમરાયા કરે છે !
આખો ઓરડો ચક્કર-ભમ્મર ગોરંભાયા કરે છે.

— • —

૧. કોલેજ કાવ્યસ્પર્ધામાં પારિતોષિકને પાત્ર
કરેલી કૃતિ.

— • —

## એક મુક્તક

-કુ. ભારતી પી. દેસાઈ
ટી. વાય. બી. એ.

ભલે હોળી સળગતી હો તું દિવાળી મનાવી લે,
જગતના દુઃખને ઉરમાં, સુખેથી તું સમાવી લે,
પછી તકદીરનું શું કામ છે, એ તું વિચારી લે,
કે ખુદ તકદીર તુજને શોધે એવું કૈંક બનાવી લે !

પર્વતો વચ્ચે ઘેરાયેલા મહાસરોવરની જેમ મારી પાસે આવનારને જ લાભ આપનાર બનવાની મારી ઇચ્છા નથી. હું તો નાનકડું ઝરણું બનવા માગું છું, જેથી દોડીને દીન દુઃખી માનવો પાસે પહોંચી જાઉં, એમને શાંતિ અને શીતળતા અર્પું.

-લિયો ટૉલ્સ્ટોય

— • —

મારી આંખો તમે ફોડી નાંખો, તેથી હું મરીશ નહીં; પરંતુ પ્રભુમાં રહેલી મારી શ્રદ્ધાને સુરંગ ચાંપી ઉડાવી દો, તો હું મૂઓ સમજો.

-ગાંધીજી

—•••—

ચમત્કારો ક્યારેક થાય છે ખરા, પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે.

-ઇઝમેન

—ભૂપેન્દ્ર ભકત
(એફ. વાય. બી. કોમ.)

—○ •—

લોકશાહીનો સરળ અર્થ આપવો હોય તો એમ કહી શકાય કે, લોકશાહી એ એવા પ્રકારની રાજકીય વ્યવસ્થા છે, જેમાં રાજ્યની આખરી સત્તા કોઈ એક વ્યકિત કે વર્ગના હાથમાં નહીં, પરંતુ સમગ્ર જનતાના હાથમાં હોય છે.

લોકશાહીની વ્યાખ્યા આપતાં અમેરિકાના પ્રથમ પ્રમુખ અબ્રાહમ લિંકન કહે છે કે, "Government of the People, for the People and by the People." 'લોકો વડે, લોકોનું, લોકો માટે ચાલતું રાજ.

લોકશાહીનો ઉદ્ભવ સૌ પ્રથમ પ્રાચીન ગ્રીસમાં થયો હતો. પ્રાચીન ગ્રીસનાં નગરરાજ્યોમાં લોકશાહી વ્યવસ્થા પ્રમાણે રાજ્યવહીવટ ચાલતો.

લોકશાહીના અર્થને વધારે સારી રીતે સમજવા માટે તેમાં સમાયેલા કેટલાક પાયાના સિદ્ધાંતો કે મૂળભુત લક્ષણો તપાસીએ.

લોકશાહીમાં આખરી સત્તા લોકોના હાથમાં હોય છે. તેથી રાજ્યનું સંચાલન કોઇ એક વ્યકિત કે જૂથના હિતમાં નહિ, પણ સમગ્ર જનતાના હિત ખાતર થતું હોય છે. અહીં લોકોની ઈચ્છા સર્વોપરી હોય છે. અને તે મુજબ જ શાસન થતું હોય છે. આમ, લોકોની સર્વોપરિતા એ લોકશાહીનો પાયો તેમજ આધાર સ્તંભ છે.

લોકશાહી તંત્રમાં દરેક નાગરિકને રાજ્યનો વહીવટ કઈ રીતે ચલાવવો તે વિશે પોતાનો અભિપ્રાય આપવાનો અધિકાર હોય છે. દરેક પુખ્ત વયનો નાગરિક મતદાર તરીકે આ અધિકારનો ઉપયોગ કરી શકે છે.

આ ઉપરાંત નાગરિકોની સમાનતા એ લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે.

લોકશાહી શાસનમાં પુખ્ત વયના માનવીઓને મત આપવાનો અધિકાર હોય છે. દેશદ્રોહી, ગાંડા, અસ્થિર મગજના કે વિદેશમાં જન્મેલા નાગરિકને મત આપવાનો અધિકાર નથી.

વ્યકિત પોતાનો મત ગમે તે ઉમેદવારને આપી શકે છે. નાગરિકની પવિત્ર અને કીમતી ફરજ છે કે ગમે તે ઉમેદવારની, યોગ્ય લાગે તે ઉમેદવારની પસંદગી કરી સંસદમાં મોકલવો.

લોકશાહી શાસનમાં નાગરિકોને ઉપર્યુકત હક્કો બંધારણ અનુસાર આપવામાં આવેલા હોય છે. નાગરિકના મૂળભૂત હક્કનું રક્ષણ સરકાર ન્યાયતંત્ર દ્વારા કરે છે. સરમુખત્યારશાહી કે રાજાશાહીમાં નાગરિકને કોઇપણ પ્રકારના મૂળભૂત હક્કો આપવામાં આવતા નથી. નાગરિકોનું રક્ષણ રાજા પોતે પોતાના લશ્કરથી કરતો હોય છે.

આ ઉપરાંત પ્રજાના કલ્યાણ માટે લોકશાહી-શાસનમાં નીચેની બાબતોનો પણ સમાવેશ થાય છે.

લોકશાહી શાસનમાં પ્રજામતને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવે છે. સરમુખત્યારશાહી કે રાજાશાહીમાં આખરી નિર્ણય રાજા પોતે કરે છે. એક વ્યક્તિ કરે છે કારણ કે સર્વોપરી સત્તા તેના હાથમાં હોય છે.

લોકશાહી શાસનમાં જો કોઈ સરકાર પ્રજાના પ્રશ્નનો નિકાલ ન કરે, પ્રજાના મતની અવગણના કરે, પ્રજાની વિરૂધ્ધ વર્તન કરે, તો પ્રજા સરકાર ઉથલાવીને નવી સરકાર રચી શકે છે.

સરમુખત્યારશાહી, રાજાશાહી કે ઉમરાવશાહી જેવાં તંત્રોની તુલનામાં લોકશાહી શાસન વ્યવસ્થા ક અગત્યના ગુણો ધરાવે છે; પ્રજાના કલ્યાણ અને માટે, લોકશાહીશાસ્ત્ર આ ગુણોને લીધે જ છે.

લોકશાહી શાસન વ્યવસ્થાનો મોટામાં મોટો ગુણ હોય છે કે તે માનવીનું માનવી તરીકે ગૌરવ કરે છે. નીને એ લાભ માત્ર લોકશાહીમાં જ મળે છે. થી તેનું મૂલ્ય જેટલું આંકી શકાય એટલું ઓછું સરમુખત્યારશાહી કે રાજાશાહીમાં આ ગુણ તો નથી.

લોકશાહી શાસનમાં સરકાર જે નિર્ણયો લે છે માં સમાજની દરેક વ્યક્તિની ઈચ્છા તરફ પૂરતું ન આપવામાં આવે છે. અને કોઈની ઉપેક્ષા થતી . આનો અર્થ એમ નહીં કે લોકશાહી એ બધાની ા પ્રમાણે કાર્ય કરવાનું વચન આપે છે. પરંતુ નો અર્થ એટલો તો જરૂર કહી શકાય કે લોકશાહી ત્રમાં નાના કે મોટા, શ્રીમંત કે ગરીબ દરેકને તાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર છે.

લોકશાહીમાં વહીવટની અમુક બાબત લોકોને કેવી લાભ કે ગેરલાભ કરશે તે અંગે લોકોને શ્વાસમાં લેવામાં આવે છે. બીજા પ્રકારનાં તંત્રો મ કરતા નથી. આ રીતે લોકશાહી વ્યક્તિને સરકા-માં ભાગીદાર બનાવે છે. પરિણામે નાગરિક પણ હુકમો ઉઠાવનાર નિષ્ક્રિય માનવી રહેવાને બદલે પોતાના દેશના નવસર્જનમાં ભાગીદાર બન્યાનો તોષ અનુભવે છે.

આ ઉપરાંત લોકશાહી શાસન વ્યવસ્થામાં ગરિકોને રાજ્યના વહીવટમાં જુદી જુદી કક્ષાએ ગ લેવાની તક મળતી હોવાથી તેમનામાં રાષ્ટ્રપ્રેમની વના જાગૃત થાય છે. દેશને ખાતર કંઈક કરી વાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. જે તંત્રની અંદર આપવાનો અધિકાર નથી હોતો, જે તંત્રની અંદર પસંદ કરવાનો હક્ક મળતો નથી, રાજ્યના કે દેશના પ્રશ્નમાં રસ લેવાનો પણ અધિકાર નથી મળતો અને નાગરિકોને માત્ર હુકમો જ ઉઠાવવાનું કહેવામાં આવે ત્યાં રાષ્ટ્ર પ્રત્યે સાચી ભાવના, સાચી વફાદારી, સાચી નિષ્ઠા ક્યાંથી સંભવે ?

કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે, પ્રજાના કલ્યાણ માટે સરમુખત્યાર શાસન કરતાં લોકશાહી શાસન વ્યવસ્થા યોગ્ય છે.

આપણો ભારત દેશ ઈ. સ. ૧૯૪૭માં સ્વતંત્ર થયો તે પહેલાં અંગ્રેજો આપણા પર રાજ્ય કરતા હતા. ભારત દેશની પ્રજાનો સમગ્ર વહીવટ અંગ્રેજો કરતા હતા. હિંદીઓને કોઈ પણ સ્થાન આપવામાં આવતું ન હતું. અંગ્રેજો ઈ. સ. ૧૭૫૭માં વેપાર કરવાને માટે ભારતમાં આવ્યા હતા. પ્રથમ ભારતના મોટા મોટા શહેરોમાં કોઠીઓ નાંખીને વેપાર શરૂ કર્યો. વર્ષો વીતતાં ગયાં તેમ તેમ અંગ્રેજો હિંદના રાજ્યવહીવટમાં માથું મારતા ગયા. ધીમે ધીમે સમગ્ર વહીવટ અંગ્રેજોએ હાથમાં લઈ લીધો.

સરમુખત્યારશાહી કે રાજાશાહીમાં નાગરિકને મત આપવાનો અધિકાર મળતો નથી. પરંતુ લોકશાહી તંત્રમાં પ્રજાને ગમે તે નેતાને ચૂંટવાનો અધિકાર હોય છે. લોકશાહીમાં નાગરિકોની સમાનતા હોય છે. આ પાયાનો સિદ્ધાંત છે.

લોકશાહી શાસનમાં બંધારણ પ્રમાણે જ સમગ્ર રાષ્ટ્રનો વહીવટ ચાલે છે. કાયદો ઘડવો હોય તો પ્રજાએ ચૂંટેલા નેતાઓનો મત લેવામાં આવે છે. એના ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવે છે. ચર્ચા વિચારણા થયા પછી જ બંધારણના વડા રાષ્ટ્રપતિ જુએ છે, ચકાસે છે, અને પછી જ એના ઉપર સહી કરે છે. રાષ્ટ્રપતિની સહી થતાં ખરડો કાયદો બને છે. અને એનો અમલ પ્રજાએ કરવાનો હોય છે. સરમુખત્યારશાહી કે રાજાશાહીમાં આખરી નિર્ણય રાજા (એક વ્યકિત જ) કરે છે. અને એનો અમલ પ્રજા પાસે કરાવે છે. ■

૧. ઈતિહાસ અભ્યાસ વર્તુળ યોજિત નિબંધ સ્પર્ધામાં પ્રથમ ટૂંકાવીને.

# પરીક્ષા હોવી જોઈએ ?

-કુ. કુસુમબેન એમ. પટેલ
ટી. વાય. બી. એ.

હું માનું છું કે પરીક્ષા જોઈએ જ. માનવીની પ્રગતિનો આંક પરીક્ષા જ છે. પરીક્ષા શબ્દ જ માનવીની પ્રગતિનો સૂચક છે. પરીક્ષા એ સ્કૂલમાં ભણતાં બાળકો માટે જ નથી, પરીક્ષા માનવ સમાજમાં બધે જ જોવામાં આવે છે. હજારો વર્ષ થયાં એ પ્રણાલિકા ચાલી આવતી હતી, તો એનો વિરોધ આજ સુધી કોઈએ કેમ કર્યો નથી? શું આપણા વડીલો કે પૂર્વજોએ એ પ્રથા વગર વિચાર્યે દાખલ કરી હશે? એના મૂળમાં ઊંડા ઊતરીશું તો જણાશે કે આ ખરેખર જરૂરી છે જ. ભૂતકાળમાં પરીક્ષા દરેક ક્ષેત્રમાં હતી: રામાયણ, મહાભારત કે આર્યોનો ઈતિહાસ જોઈએ તો એમાં અનેક જગ્યાએ પ્રમાણ મળે છે. જરૂર એનું એક દૂષણ છે કે, નબળા માનવીમાં આને લીધે ઇર્ષા, દ્વેષ વગેરે અવગુણો પ્રવેશે અને પરીક્ષામાં સંપૂર્ણ ન્યાય જળવાતો રહે ત્યાં સુધી જ પરીક્ષાની સાચી કિંમત રહે. આજના પરીક્ષાના વિરોધમાં કંઈક આવી જ લાગણી ભાગ ભજવે છે કે, એની મુલ્યાંકન પદ્ધતિ આડે માર્ગે ચાલી રહી છે; જેને કારણે વિદ્યાર્થીઓમાં અજંપાને સ્થાન મળ્યું છે. નાલંદા, ઉજ્જૈન, તક્ષશિલા જેવા વિદ્યાવિહારોમાં પણ પરીક્ષા થતી હતી. તેમાંથી અનેક વિદ્વાનો પાકયા છે, જેમણે ભારતની સંસ્કૃતિને પોષવામાં અને પાળવામાં ખૂબ સહાય કરી છે. ભટ્ટાચાર્ય, લીલાવતી, ભાસ્કરાચાર્ય વગેરેએ પોતાનાં જ્ઞાનસિદ્ધિ શોભાવ્યા છે.

હવે આજની યુગની પરીક્ષાનો થોડો વિચાર કરીએ, તો જણાશે કે પરીક્ષા જરૂરી છે. આજ પ્રાથમિક કેળવણીથી માંડી ઉચ્ચ કેળવણી સુધી પરીક્ષા ચાલી રહી છે. અને થોડા સમય પૂર્વનો ખ્યાલ કરીએ તો કોઈ વિરોધ કરતું ન હતું. જ્યારે આજકાલ બધા જ પરીક્ષા ન જોઈએ એમ કહે છે. હું પૂછું છું કે પરીક્ષા ન જોઈએ તો વર્ષો પ્રમાણે સર્ટિફિકેટ રાખવાં છે કે નહિ? આમ થશે તો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ બાળકોની શક્તિ સરખી જ છે તેમ પરાણે માનવું પડશે. દરેકની બુદ્ધિ સરખી હોય તો પરીક્ષાનો શો અર્થ? જો બધાની બુદ્ધિ સરખી હોય તો બધા જ વડાપ્રધાન કે રાષ્ટ્રપ્રમુખ હોવાને યોગ્ય ઠરે છે. પરંતુ બધાની બુધ્ધિ સરખી હોતી નથી. જરૂર આજની પરીક્ષા પધ્ધતિમાં કંઈક ગરબડ છે. જે રીતે વિદ્યાર્થીનું વર્ષાન્તે મૂલ્યાંકન કરવું જોઈએ તે થતું નથી. કેટલીક વખતે સારા ગણાતા વિદ્યાર્થી નાપાસ થાય છે અને નબળા વિદ્યાર્થી પાસ થાય છે. એવું સરકારી પરીક્ષામાં પણ થાય છે. પરિણામે આ પવિત્ર ક્ષેત્રમાં પણ લાંચરુશ્વત, લાગવગ, પક્ષાપાત વગેરે દોષોએ પોતાનો પંજો પ્રસાર્યો છે. પરિણામે પરીક્ષાનું મહત્ત્વ ઘટી ગયું છે. બીજી બાજુ પોતાનું પરિણામ સમાજમાં સારૂં દેખાય એ માટે કોઈ પણ સંસ્થા ખરા ખોટા ખેલ ભજવે છે. પરિણામે ભણતરનું સ્તર નીચે ને નીચે જાય છે. અરે પરીક્ષાનો હેતુ પણ જળવાતો નથી. આ બધા દોષોને પરીક્ષામાંથી દૂર કરીએ તો ખરેખર એ સારી ચીજ છે. હા, એક વાત સ્વીકારૂં છું કે આજની પરીક્ષા પધ્ધતિમાં ફેરફારને સ્થાન છે શિક્ષણ છે ત્યાં સુધી કોઈ ને કોઈ મૂલ્યાંકનની જરુર રહેવાની. સમાજમાં વર્ષો થયાં કેવળ માનવીની જ પરીક્ષા થાય છે એવું નથી, કોઈ પણ ચીજ પછી તે ઘન, પ્રવાહી કે વાયુરૂપ હોય પરીક્ષા પછી જ ઉપયોગમાં લઈ શકાય, તો પછી જીવતાજાગતા માનવી કે બાળકની પરીક્ષા કેમ ન હોઈ શકે?

વિદ્યાર્થી અવસ્થા એવી છે કે બાળક ભલે પોતે સર્જક બને કે સર્જન કરે પણ એને માટે માર્ગદર્શક ની જરૂર પડે છે. પરિણામે આજે પ્રા. શિક્ષણથી માંડી ઉચ્ચતર કેળવણી સુધી અનેક વ્યકિત કામ કરે છે. બાળકને માર્ગદર્શન આપ્યા પછી એ કેટલું ગ્રહણ કરે છે એ જોવાની માપપટ્ટી ને મૂલ્યાંકન એટલે જ પરીક્ષા. એ પરીક્ષા ન રાખી હોય તો બાળક કયા વિષયમાં કેટલી પ્રગતિ કરી છે કે પછી ત્યાંને ત્યાં જ છે ને શું સમજાય ? જો આપણે એ સમજવાની જરૂર હોય તો પરીક્ષા આવશ્યક છે જ. પરીક્ષાથી બાળકમાં ધીરજ, સહનશીલતા, ગ્રહણશક્તિ વગેરે ગુણો આવે છે. એ બધું પરીક્ષાને જ આભારી છે. આજે દેશમાં દરેક ક્ષેત્રે મહાન વ્યક્તિઓ છે, અનેક ક્ષેત્રમાં અનેક વિદ્યાર્થીઓએ મહાનતા સ્થાપી છે, એવા બાળકો પ્રાથમિક સ્થિતિમાંથી જ ઉપલા ધોરણમાં પાસ થતા આવ્યા હતા અને છેવટે મહાન બન્યા. એવા વીરનરો અનેક પરીક્ષામાંથી પસાર થયેલા છે. જો એમની પરીક્ષા જ ન હોત તો એઓ પોતાનો તેમજ દેશનો ઉદ્ધાર કરવામાં કેટલો ફાળો આપી શકત. આમ પરીક્ષા અનેક દષ્ટિએ આવશ્યક તથા ઉપયોગી હરે છે. ■



જો કોઇ ખામી વિનાનો મિત્ર શોધવા જાય તો તે મિત્ર વિનાનો જ રહે છે.

–સાચરસ

— ० —

જો હું એક પર્વત રચતો હોઉં અને તેને શિખરે માટીની છેલ્લી જ ટોપલી નાંખતાં સરકી જાઉ, તો હું નિષ્ફળ ગયો છું એમ મારે કહેવું જોઇએ.

–કોન્ફ્યુસિયસ

— ० —

જગતમાં ખરી નિષ્ફળતા માત્ર એક જ છે અને તે માણસ જે કંઇ જાણતો હોય તેને વળગી ન રહેવું તે

–કેનનફેરર

—ભૂપેન્દ્ર ભક્ત, એફ. બી. કોમ.

# મૂડી ખર્ચ સામે વ્યાજબી વળતર

**જયેશ કે. શાહ**
ટી. વાય. બી કોમ.

**ધં**ધામાં મૂડી ખર્ચ સ્વરૂપ નક્કી કરવાની પ્રક્રિયા ભારે જટિલ હોય છે, કારણ કે એમાં અનેક ઉપર તરી આવે તેવાં અને સહેજે દેખાઈ ન આવે તેવાં અનેક પરિબળો સંકળાયેલાં હોય છે. આવા નિર્ણયોમાં ધંધાનું સંસ્થાકીય સ્વરૂપ નક્કી કરવું એ પ્રથમ વ્યૂહ અને પાયાનું દિશા સૂચન બની રહે છે. તો બીજી બાજુ હિસાબનો માર્ગ આવો નિર્ણય કેટલે અંશે સાચો છે, તે દર્શાવે છે. સામાન્ય રીતે ત્રણ રીતોને ભેળવીને આવો નિર્ણય કરવામાં આવે છે. પહેલી રીતમાં મૂડીના ખર્ચને તેમાંથી થનારી આવકની દ્દષ્ટિએ વિચાર કરવામાં આવે છે, અને મૂડી ખર્ચ કરતાં ઓછું વળતર મળતું હોય તેવી યોજનાનો અસ્વીકાર કરવામાં આવે છે. સામાન્ય રસમ એવી છે કે સૌ પ્રથમ મૂડીના ખર્ચના દર પર ટકો બેટકા ચઢાવીને વળતરનું ધોરણ નક્કી કરવામાં આવે છે. આ સંદર્ભમાં મૂડી ખર્ચ એટલે સરેરાશ મૂડી ખર્ચ. આ રીતે સરેરાશ ધંધો ચાલતો હોય તે દરમ્યાન મૂડીના માળખાને આધારે અમુક સમયને અનુલક્ષીને નક્કી કરવામાં આવે છે. બીજી રીત છે તે આવી યોજનાઓને વળતરની વ્રુતં કિંમત (વર્તમાન મૂલ્ય DCF)ને ઊતરતા ક્રમમાં ગોઠવવાની અને તે પછી જે મૂડી પ્રાપ્તી થઇ શકતી હોય તે જોતાં સૌથી વધુ લાભદાયક હોય તેની પસંદગી કરવામાં આવે છે. મૂડીખર્ચ અને આવકમાં નામનો પણ ફેરફાર થતો હોય ને જેથી આખી યોજનાને જો અસર થતી હોય તો તેનો પણ વિચાર કરી રાખવો જોઇએ. અને આ રીતે આપણી જે ધારણાઓ હોય તે બદલીને આખી યોજના જોખમકારક છે કે નહિ તેનો નિર્ણય કરવાનો રહે છે. ત્રીજી રીત છે: પુન:પ્રાપ્તિ સમયની (Pay back Period). એ રીતનો બહોળો ઉપયોગ થાય છે; જો કે એમાં થોડીક ખામીઓ રહેલી હોય છે. એનો મુખ્ય ભાર કેટલા વખતમાં મૂડી કે રોકાણ પાછું પ્રાપ્ત થઈ શકશે તેના ઉપર હોય છે. મૂડી રોકાણમાં જો જોખમ વધુ રહેલું હોય તો પુન:પ્રાપ્તિનો સયમગાળો ઓછો હોય એ ઈચ્છનીય લેખાય છે. મોટા ભાગના કિસ્સાઓમાં DCF દર અને Pay back period બન્નેનો સંયુક્તપણે ઉપયોગ કરવામાં આવે છે. આ બધી રીતોને અલગ અલગ કરીને વિચાર કરવામાં આવે કે સંયુકતપણે વિચાર કરવામાં આવે તો પણ મૂડી રોકાણની વૈકલ્પિક યોજનાઓનો નિર્ણય કરી શકાય. તેટલા માટે આવશ્યક સુધારા વધારા થઈ શકે એવો મૂળ યોજનામાં પ્રબંધ હોવો જોઈએ.

આપણે આ બાબતને સમજવા માટે એક સરળ પાકા સરવૈયાથી શરુઆત કરીશું.

| જવાબદારીઓ | | મિલ્કતો | |
|---|---|---|---|
| ઈક્વીટી શેરો | ૧૦૦ | | ૨૦૦ |
| દેવું | ૧૦૦ | | |
| | ૨૦૦ | | ૨૦૦ |

અનુમાન-ધારણાઓ :-

(૧) કરવેરાનો દર ૫૦% છે.

(૨) દેવાં પર વ્યાજનો દર ૧૬% છે.

(૩) ૧૮% ડિવિડન્ડનો દર જાળવવાનો છે.

(૪) ઇક્વીટી શેરની બજાર કિંમત રૂા. ૧૮૦ છે.

(૫) ઈક્વીટી શેરની પડતરની ગણતરી કરવા માટે D/P અભીગમનો ઉપયોગ કરવાનો છે.

આ ધારણાઓના આધારે મૂડી ખર્ચની ગણતરી કરતાં ૯% થાય. જો આના આધારે out off rate ૧૦% ટકા લેવામાં આવે અને નાણાકીય અભીગમ અપનાવીને જો રોકાણ કરવામાં આવે તો શું શેરહોલ્ડરને આપવામાં આવતો ડિવિડન્ડનો દર જાળવી શકાય એવા સાચાં નિર્ણય પર આવી શકાય ખરું ? આનો જવાબ સ્પષ્ટપણે નકારમાં જ હોઇ શકે.

જો ડિવિડન્ડનો દર ૧૮% ભવિષ્યમાં જાળવવો હોય તો ધંધાની કમાણી ૩૬% જેટલી તો ઓછામાં ઓછી (વ્યાજ ચૂકવ્યા પછી અને કરવેરા પહેલાં) થવી જ જોઇએ. આ ટકાવારી પણ એવી ધારણા સાથે કે નફામાંથી કાંઈ પણ અનામત રાખવાનું નથી. અને જો ૫% રકમ પણ અનામત રાખવાની હોય તો (અને તે ફુગાવાની અસર ધ્યાનમાં લેતાં વ્યાજબી લેખાય) નફો (ઉપર સમજાવ્યા મુજબ) ઓછામાં ઓછો ૪૬% થવો જ જોઇએ. અને આ દર દરેક માટે ખૂબ જ ચેતવણીરૂપ (સચેત કરી મૂકે તેવો) છે. સિવાય કે કોઈ ધંધા માટે આ દર ખરેખર વાજબી લેખાતો હોય.

જો કે ચર્ચાના સારાંશરૂપે આપણે એવા તારતમ્ય પર આવી શકીએ કે દેવા ઈક્વીટીના પ્રમાણની અસર ખાસ જોવા મળતી નથી. પરંતુ કરવેરાના દરોમાં થતા ફેરફારોને લીધે વાજબી વળતરના દર પર મહત્વની અસર થવા પામે છે. કંપની વિભાગમાં કરવેરાના બન્ને દર આવકવેરો અને સરચાર્જ ધ્યાનમાં લેવામાં આવે તો તે ૬૫% જેટલા થવા જાય છે. આવા સંજોગોમાં જો ૧૮% ડિવિડન્ડનો દર જાળવવો હોય તો ૫૨% જેટલો નફો (વ્યાજ પછી અને કરવેરા પહેલાં) થવો જ જોઇએ. અને ૫% અનામત રાખવું હોય તો નફો ૬૬% + ૫% કરવેરાનો દર હોઇ ૨૦% ડિવિડન્ડ અને ૫% અનામત રાખવી હોય તો ૧૦૦% વળતરનો દર જરૂરી બને.

ઉપરના પૃથક્કરણને આધારે આપણે નીચેનાં તારણો તારવી શકીએ. આ પૃથક્કરણમાં ઘણાં બધાં સૂચિત કાર્યો રહેલાં છે.

સૌ પ્રથમ તો રોકાણની દરખાસ્ત સ્વીકારાતી વખતે મૂડીખર્ચનું મહત્વ નજીવું બની જાય છે. એનો ઉપયોગ માત્ર માર્ગદર્શક તરીકે થઈ શકે છે.

બીજું, વાજબી વળતરના દરની ગણતરી નીચેનાં છ પરિબળોના સંદર્ભમાં થવી જોઇએ.

— ડિવિડન્ડ દર અને સ્થિર ડિવિડન્ડની નીતિની જાળવણી.

— સરેરાશ કરવેરાના દરને બદલે સંયુક્ત સીમાંત કરવેરાનો દર.

— મૂડી ગિયરીંગ અને મૂડીના દરેક ભાગની પડતર સામાન્ય રીતે જો "Low gearing" હોય તો એનો અર્થ એવો થાય કે ઇક્વીટીની પડતરની સરખામણીમાં દેવાની પડતર ઓછી હોવાને લીધે મૂડીની ભારીત પડતર વધુ હોય છે.

— શેર દીઠ કમાણીનો ઈચ્છિત દર.

— અન્ય પ્રાપ્ય સાધનોના વળતરનો દર દા. ત. જાહેર થાપણ, બેંકના વ્યાજનો દર વગેરે.

— ફુગાવાનો દર : ફુગાવાનો દર જો ઉંચો હોય તો ધંધાના વાસ્તવિક સાચા વિકાસ માટે વધુ અનામત રાખવાની જરૂરિયાત ઉપસ્થિત થાય છે.

ત્રીજું, વાજબી વળતરનો દર નક્કી કરતા પહેલાં જાહેર સંસ્થાઓ, જેઓ ભાવનીતિ નક્કી કરવા સાથે સંકળાયેલી છે તેમનાં વલણો અને તેમની નીતિઓને પણ ધ્યાનમાં રાખવાં જરૂરી બને છે. આમ જો ન કરવામાં આવે તો જાહેર જનતાને કયા ધ્યેયથી ધંધો શરૂ કરવામાં આવે છે તેની સાચી ભૂમિકાનો ખ્યાલ આવશે નહિ. એક કિસ્સામાં સુપ્રીમ કોર્ટે ૧૨% વળતર મળે તેને વાજબી વળતરનો દર લેખાવ્યો હતો આમ ૧૨–૧૬% વળતર મળે એવી ગણતરીથી ધંધો કેવો ચાલશે તેનો ખ્યાલ આવી શકે.

ધંધામાં જે બીજાં ઘટકો (તત્વો) અસર કરતાં હોય એને ધ્યાનમાં રાખીને વાજબી વળતરનો વિચાર કરવામાં આવે, તો જ તે વ્યવહાર બની શકે. આવા સંજોગોમાં વળતરનો દેખાતો દર પણ આપણને સામાન્ય અથવા વ્યવહારુ લાગશે. ■

પરાજય શું છે ? એ એક પ્રકારનું શિક્ષણ છે. કોઇ પણ વધારે સારી વસ્તુ સારી સ્થિતિ તરફ જવાનું તે પહેલું પગથિયું છે.

–વેન્ડેલ ફિનાસ (ભૂપેન્દ્ર એફ. વાય. બી. કોમ.)

# કૉલેજની વિદાય

– કૈલાસ પરમાર
ટી. વાય. બી. એ.

સંગીતના સ્વર સપ્તક સમું, નીલગગનમાં શોભતા મેઘધનુષ્ય જેવું, ચાર ચાર વર્ષનું સોનેરી કૉલેજ જીવન સુમધુર સ્વપ્નની જેમ પસાર થઈ ગયું. આજે દિવસ હતો છેલ્લી વિદાયનો; જ્ઞાનનાં અમી પાતી, સંસ્કાર અને સ્નેહજળનું સિંચન કરતી ને નવજીવનનો સંચાર કરતી વહાલસોયી કૉલેજમાતાના ખોળામાંથી એક બે દિવસ માટે નહિ, સપ્તાહ કે માસ માટે નહિ, પણ સદાયને માટે વિખૂટા પડવાનું હતું.

કૉલેજના વર્ગમાં આજે પહેલાં જેવો ઉત્સાહ જણાતો નહોતો. બધાંનાં મુખ પર ન સમજાય, ન વર્ણવાય એવી ઉદાસી છવાયેલી હતી. સાંજે વિદાય સમારંભ હતો, છતાંય વિદ્યાર્થીઓમાં પહેલાં જેવો તરવરાટ, થનગનાટ કે ગણગણાટ નહોતો. આજે સૌના મન પર એક જ વિચાર હતો કે સંસ્કૃતિની સૌરભ છલકાવતા કૉલેજના આ નંદનવનના લતામંડપો અને કુંજવિહારોમાં ગુરુદેવોની છત્રછાયા નીચે આનંદથી કિલ્લોલ કરતાં, જિંદગી જીવવાની અને જીતવાની સંજીવની પ્રાપ્ત કરતાં સૌ પંખીઓને હવે ઊડી જવાનું છે. એક કુશળ ચિત્રકાર પોતાના ચિત્રમાં જે કારુણ્ય ન ભરી શકે; એક સંગીતકાર ભૈરવીમાં જે કરુણ્ય ન ગાઈ શકે અને એક પ્રેમી વિરહની પુકારમાં જે દર્દ ન લાવી શકે, એ દર્દ એ વ્યથા, એ કરુણા અમારા હૃદયમાં છવાયેલી હતી.

અને જે ઘડીની અમે રાહ જોઈ રહ્યાં હતાં તે આવી પહોંચી. કૉલેજના પ્રિન્સિપાલશ્રી ઊભા થયા. તેમના પ્રેમાળ શબ્દો કાને પડયા. તેમણે અમારા ઉજ્જવળ ભાવિ વિશે મંગળભાવના વ્યક્ત કરી અને જીવનમાં સાદાઈ, સ્વચ્છતા, સેવા અને સહનશીલતાનો આદર્શ રજૂ કર્યો. અમારાં જે સદ્‌વિચાર અને સત્કર્મો હોય, તેનું સેવન કરજો, બીજાનું નહિ. તમારો માર્ગ કલ્યાણમય હજો! " शिवास्ते पन्थान : सन्तु ।" કરી પ્રેમાળ હૃદય ઠાલવી તેઓ બેસી ગયા.

તે પછી બે ત્રણ વિદ્યાર્થીઓએ પ્રાસંગિક ભાષણો કર્યાં. તેમાં વિદ્યાર્થીઓએ મચાવેલાં તોફાનો અને ગેરવર્તણૂક માટે ખરા દિલથી માફીની આશા રખાઇ હતી. દેવરૂપ ગુરુજનોના અગાધ, અસીમ સ્નેહનો અને અપાર મમતાનો તેમાં ઉલ્લેખ હતો. કૉલેજ-માતાની સ્નેહાળ ગોદમાંથી છૂટા પડવાની વિરહ-વ્યથા હતી અને હતી કૉલેજ પ્રત્યેની અજરઅમર પૂજ્ય ભાવના. એ પછી થોડીવાર માટે રમૂજ અને સંગીતનો કાર્યક્રમ ચાલ્યો. છેવટે સૌ વિરહવ્યથા અનુભવતા વિખરાયા.

ચાર ચાર વર્ષો સુધી જ્યાં જ્ઞાનનાં અમૃત પીધાં, આનંદ ઉમંગ અને ઉલ્લાસથી રહ્યા એ કૉલેજને છોડતાં મારું હૈયું ભરાઈ આવ્યું અને પગ ભારે થઈ ગયા શોકમિશ્રિત આનંદની ધારા મારા હૃદયમાં વહેતી હતી. અહીં જ મને સુખનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર કરનાર મિત્રો મળ્યા: અહીં જિંદગીને ખેલદિલીથી જીવવાનો મંત્ર સાંપડયો; સ્નેહની સુવર્ણ કણિકાઓ અહીં જ મળી, એ બધાંયને હવે તજવાનું ? આજે જાણે મૂક પાટલીઓ, બ્લેકબોર્ડ, રમતનું મેદાન અને પુસ્તકાલય...બધાંય મને છેલ્લી વિદાય આપી રહ્યા હતાં.

આમ કૉલેજના મંગળ વાતાવરણમાં કરુણતા અનુભવાતી. હું કૉલેજના પ્રિન્સિપાલશ્રી અને સર્વ ગુરુજનોને મળી તેમના પ્રત્યે આભાર અને આદરની ભાવના વ્યક્ત કરી સર્વ મિત્રોને સ્નેહથી ભેટી આંસુભરી આંખડીએ, ગૌરવભર્યા હૈયે કૉલેજમાતાને નમસ્કાર કરતી નીકળી પડી.

મૂક વ્યથાભરી હતી. કૉલેજનો એ છેલ્લો દિવસ આજ પણ એ દિવસો યાદ આવે છે. ખરેખર કૉલેજને ભૂલવું દોહ્યલું છે. મારા વિદ્યાર્થી જીવન વિશે લખીએ તો અનેક પાનાં ભરાય; પરન્તુ "માણ્યું તેનું સ્મરણ

યાદ કરી, ... હતું કૉલેજજીવન...અને કૉલેજની વસમી વિદાય...

■

મુશ્કેલીઓને જે જીતે છે તેને મારા તખ્ત પર બેસવા જગા કરી આપું છું.

–બાયબલ

# કાર્લ માર્ક્સ

–દીપક એન. પટેલ
ટી. વાય. બી. એ

જગમશહૂર "દાસ કેપિટલ"ના લેખક કાર્લ માર્ક્સ ઈતિહાસના ગણ્યાગાંઠયા પ્રસિદ્ધ વ્યક્તિઓમાંના એક છે. દુનિયા આખી, ગરીબાઈ શું છે, તેનો શું વિસ્તાર છે, એવું કેમ છે, તે વિશે વિચારાતી હતી. ત્યારે માર્ક્સે ગરીબાઈને કાયમી ધોરણે મિટાવી માનવી–માનવી વચ્ચેની સમાનતા સ્થાપવાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો આથી જ જગત માર્ક્સને પયગંબર તરીકે ઓળખાવે છે. માર્ક્સવાદ એ એક માનવીય ધર્મ છે, એમ કહીએ તો ચાલે; જેણે મૂડીવાદના પતનની ભવિષ્યવાણી કરી હતી. આ ભવિષ્યવાણી પરથી જ સામ્યવાદે પોતાની ઈમારત ઉભી કરી છે.

વિશ્વમાં મધ્યયુગથી અત્યાર સુધીના ઈતિહાસમાં સોવિયેટ યુનિયન પહેલું જ એવું રાષ્ટ્ર છે કે જેણે માર્ક્સની ફિલસૂફી પ્રમાણે પોતાના રાજ્યને વૈજ્ઞાનિક ઢબે વિકસાવ્યું છે; માર્ક્સવાદના નકશા પ્રમાણે તેનો ઘાટ ઘડવામાં આવ્યો છે. સોવિયેટ યુનિયન પછી આજે ચીન, કયુબા, પૂર્વ જર્મની, ઉત્તર કોરિયા, પોલેન્ડ વગેરે સંખ્યાબંધ દેશોએ કાર્લ માર્ક્સ પ્રબોધિત સામ્યવાદની વિધવિધ નક્કર આકૃતિઓ–આવૃત્તિઓ સર્જી બતાવી છે.

ફુગાવાના વ્યાપક અનિષ્ટોથી વિશ્વના દેશો જ્યારે પિડાઈ રહ્યા છે, ઘણાં રાષ્ટ્રોના અર્થતંત્રો ખોરવાઈ ગયાં છે, કેટલાય સત્તાપલટાઓ થઈ ગયા છે; ત્યારે સોવિયેટ યુનિયન તેના ક્રાંતિકારી–૧૯૧૭ના સમયથી ભાવોને એક જ ધોરણે સ્થિર રાખી શક્યું છે. ત્યારે માર્ક્સની યોજનાની નક્કરતાને અચૂક સ્વીકારવી પડે છે. સામાજિક તેમજ આર્થિક ન્યાયને માનવતાના પ્રથમ સોપાન તરીકે માનતા કોઈપણ રાષ્ટ્ર માટે માર્ક્સ અનિવાર્ય તથા અમૂલ્ય છે.

સ્ટેલિન યુગની સખ્તાઈ અને કડકાઈએ માર્ક્સવાદને ટીકાપાત્ર બનાવ્યો હતો. છતાં લેનિને સર્જાવેલો માર્ક્સવાદ દુનિયામાં એક ઉત્તમ ઉદાહરણ પુરવાર થયો છે. અને બિનસામ્યવાદી વ્યવસ્થા કરતાં અનેક ગણો ચડિયાતો પુરવાર થયો છે.

ભારતમાં 'સમાજવાદ' શબ્દનો વટ એટલો છે કે પોતે સમાજવાદી નથી એમ કહેવાની કોઈ પણ પક્ષ હિંમત કરતો નથી; એટલું જ નહીં, પરંતુ સમાજવાદના અનેક સંપ્રદાયોમાંથી સોવિયેટ પ્રકારની આર્થિક રચનાને આપણા સત્તાધારીઓએ 'મોડેલ' તરીકે અપનાવેલી છે. છતાં કમનસીબીની વાત એ છે કે જેટલી માહિતી અમેરીકા વિશે આપણને છે તેની ચોથા ભાગ જેટલી પણ રશિયા વિશે નથી. અને જે કંઈ માહિતી ઉપલબ્ધ છે તેમાં ઘણો જ ગૂંચવાડો છે.

માર્ક્સવાદના નકશા પ્રમાણે રશિયન પ્રજાનું ઘડતર કરી, અનોખો સમાજ રચીને ત્યાં સામ્યવાદે નવાં મૂલ્યોની સ્થાપના કરી છે. આપણા કરતાં એ સમાજ વધારે વ્યવસ્થિત છે અને તેની ચેતના પણ આપણા કરતા ભિન્ન પ્રકારની છે. સદીઓથી ખાનગી મિલ્કત અધિકારો ભોગવતા સમાજને માર્ક્સના બિન-મિલ્કતના ખ્યાલો ગળે ઉતારવાનું કામ સામાન્ય સત્તાનું નથી જ. વર્ગભેદ દૂર કરવાનું, સમાનતા સ્થાપવાનું આદર્શ ચિત્ર માર્ક્સે દુનિયાને ભેટ ધર્યું છે. તેમના વિચારો પ્રમાણે દુનિયામાં ભિખારીઓ હોય જ શા માટે? અને સામ્યવાદી દેશોમાં નથી જ.

વ્યક્તિ માત્રમાં કુદરતી શક્તિનો અમૂલ્ય પુરવઠો છે. તેનો ભૌતિક ઉત્પાદનના સંદર્ભમાં ઉપયોગ કરી, ગરીબી મિટાવી, સમાનતા સ્થાપી જ શકાય છે. માર્ક્સનો આ ખ્યાલ સોવિયેટ યુનિયને સિદ્ધ કરી

બતાવ્યો છે. આજે જ્યારે ભિખારીઓ, ગરીબો, ઝૂંપડપટ્ટીઓ ઈ. અનેક પ્રશ્નોથી ભારત તથા વિશ્વના કેટલાય દેશો પિડાઇ રહ્યા છે. ત્યારે માર્કસનો ઉકેલ કેટલો કીમતી છે. માર્કસનું ઇતિહાસનું, અર્થશાસ્ત્રનું ભૌતિક અર્થઘટન કેટલું સચોટ છે તે વાસ્તવિક રીતે દુનિયાની પ્રજા અનુભવી રહી છે.

માર્કસ માનવતાવાદનો એક પ્રખર ચિંતક તથા શુભેચ્છક હતો. માનવી માત્રની હાલાકી માટે તેના હૃદયમાં કરુણા, દયા હતી. કદાચ આ જ કારણોથી સત્યની શોધમાં નીકળેલા માર્કસે "દાસ કેપિટલ"ની રચના કરી અને જગતનાં ઘણાયે રાષ્ટ્રોએ એની પ્રેરણા લઈ પોતાની પ્રજાનાં જીવનધોરણો તથા ખ્યાલો બદલી નાખી, રાષ્ટ્ર ભાવનાની તેજ મશાલ પ્રગટાવી, પ્રજાને સુખ અને સમૃદ્ધિ બક્ષી છે. ■

મારી આળસ મને લગીરે ફુરસદ લેવા દેતી જ નથી.

– આલ્ફ્રેડ (ભૂપેન્દ્ર ભક્ત એફ. વાય. બી. કોમ.)

# નિષ્ઠાની કટોકટી

-ડાહ્યુભાઈ હરિભાઈ દેસાઈ
મંત્રી : ગવર્નિંગ બોડી,
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલી.

શિષ્યે ગુરુને પૂછ્યું, "ગુરુદેવ, મારે હવે સન્યાસ ગ્રહણ કરવો છે."

ગુરુએ જવાબ વાળ્યો, 'હજી વાર છે, વત્સ!"

શિષ્ય : "હવે શેની વાર છે, પૂજ્યશ્રી ?"

ગુરુ : "બેટા, મનુષ્ય જ સંન્યાસી બની શકે."

શિષ્ય : "તે શું હું માણસ નથી ?"

ગુરુ : "કેવળ મનુષ્યદેહ ધારણ કરવાથી આપણે મનુષ્ય નથી બની જઈ શકતા, એ માટે સંપૂર્ણ મનુષ્યપણું ખિલવવું પડે. એ પછી જ બીજું કંઈ પણ બની શકાય."

ગુરુજીના કથનનો મર્મ એ જ કે, મનુષ્ય એટલે પૂર્ણ માનવ; આકાર માણસનો અને અંતર પશુનું એવા મનુષ્ય કરતાં તો પશુ જ બહેતર. વળી, પૂર્ણ માનવ બન્યા વિના, આગળ વધવાની મહેચ્છા સેવવી એ વ્યર્થ, જોખમી માર્ગ જ નીવડે, પોતાને તથા અન્યનેય હાનિ કરે.

આ જ વિધાન હું વિદ્યાર્થીને લાગુ પાડું છું. યુવક-યુવતીઓ બધાં એંજિનિયર, ડૉક્ટર કે ઉચ્ચ અધિકારી બનવા માટે વિદ્યાલયોમાં આવે છે. ફક્ત તેઓ સાચાં, પૂર્ણ વિદ્યાર્થી નથી બનવા માગતાં અને નથી બનતાં. કદાચ કોઈ નસીબવંતો માનો કે ડૉક્ટર બની પણ ગયો. પરંતુ જો તે સાચો વિદ્યાર્થી નહીં હોય, પૂરો માણસ નહીં હોય; તો સમાજને માટે તો એ વાઘવરુ કે લૂંટારો જ સિદ્ધ થવાનો ને? આજના ડૉક્ટરો દર્દીઓને જે લેશમાત્ર દયા વિના ધોળે દિવસે લૂંટે છે અને ગરીબ દર્દી પૈસાના અભાવે મરે તો એ લોકનું રુંવાડુંય ફરકતું નથી, એનું કારણ શું ? કારણ એ જ કે તે ડૉક્ટર બન્યો, મનુષ્ય નથી બની શક્યો. વિદ્યાનો સાચો 'અર્થ' પ્રથમ તો માનવ-પણાની વિદ્યા શીખે, રાષ્ટ્રને ડૉક્ટરો, ઈજનેરો, વિજ્ઞાનીઓની નહીં; સાચા મનુષ્યોની જ આજે ખરી જરૂર છે. વળી કોઈપણ ક્ષેત્રે પડેલો મનુષ્ય નિરંતર અભ્યાસ કરતો નહીં રહે, તો એ જીવનમાં ભાગ્યે જ સફળ થાય. ડૉક્ટર, વકીલ કે શિક્ષકના વ્યવસાય-વાળાઓ તો નિરંતર અભ્યાસનિષ્ઠ રહેવું પડે; કારણ કે આજે જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ પ્રચંડ વેગે આગળ વધી રહ્યો છે. અને સાચો શિક્ષક તો તે જ કે જે જીવનભર સદાનો શિષ્ય-વિદ્યાર્થી હોય.

આમ વળી, પૂર્વોક્ત વિધાન શિક્ષક-અધ્યાપકને તો સવિશેષ લાગુ પડે છે. શિક્ષકને આચાર્ય બની જવું છે; આચાર્યને વાઈસ ચાન્સેલર બનવું છે; વાઈસ-ચાન્સેલરો વળી મિનિસ્ટર બની જવા ફરતા હોય છે; કોઈ પગારવધારો માગે છે. તો બીજા વળી જાતજાતનાં ને ભાતભાતનાં ભથ્થાં માગતા રહે છે. કોઈને સિનિયોરિટી જોઈએ છે; બીજા વળી યુનિ. પ્રાધ્યાપકપદનાં પાછળ દોડતા હોય છે. જ્ઞાનના ઉપાસકોની આ મૃગજળ પાછળની, ભૌતિક પ્રાપ્તિ પાછળની દોટ ખરેખર સખેદ આશ્ચર્ય પ્રેરે એવી હાસ્યાસ્પદ છે.

પરંતુ આજે કોઈનેય સાચા શિક્ષક બનવું નથી, સાચા માણસ બનવું નથી. ઘણા મિત્રોને રોજેરોજ ફરિયાદ કરતા સાંભળું છું કે, આજના છોકરાઓને ભણવું જ નથી, ભણતા જ નથી. ત્યારે મારા મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે અને કવચિત્ પૂછું પણ છું કે, આજના શિક્ષકોને ભણાવવું જ નથી, ભણાવતા જ નથી તેનું શું મારો નમ્ર મત છે કે અધ્યાપક જો

સાચો શિક્ષક હોય, સાથે સાથે સાચો, સદાનો વિદ્યાર્થી પણ હોય અને પોતાનો ધર્મ બરાબર સમજીને આત્મા રેડીને ભણાવે, તો હું નથી માનતો કે કોઇ વિદ્યાર્થી ન ભણે, અર્થાત્ વિદ્યાર્થીઓને ભણવામાં રસ ન પડે. સુંદર, આસ્વાદ્ય અધ્યયન કરાતું હોય, તો વિદ્યાર્થી તો કુમળા માનસનો હોય છે, એ અચૂક રસતરબોળ થઈને ભણ્યા કરે, એને હૈયે અવશ્ય ઊતરી જાય. પોતાની ફરજ ધર્મભાવે બજાવે તે જ સાચો મનુષ્ય. પૈસો તો આજીવિકાનું સાધન માત્ર છે; સાધ્ય તો આપણો ધર્મ છે. એને બદલે આજે સાધન સાધ્ય બની ગયું છે અને સાચા સાધ્યને કેવળ વેઠ માનવામાં આવે છે.

અલબત્ત, અત્રે એક સ્પષ્ટતા કરવી ઘટે કે સુખદ, આનંદપ્રેરક અપવાદરૂપ સાચા શિક્ષકો–અધ્યાપકો આજે પણ છે; તેઓને આ ચર્ચા લાગુ જ નથી પડતી એમ સમજવું. એવા મિત્રોને તો મારાં હાર્દિક અભિનંદન જ ઘટે. પરંતુ દુઃખની વાત છે કે એવા સાચા શિક્ષકોની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે; ત્યારે પગાર, ઇન્ક્રીમેન્ટ, એરિયર્સ, ભથ્થાં, વ્યાજ, ટ્યૂશન તથા ટેકસ જ ગણ્યા કરતા શિક્ષકો જ બહુધા સાંભળવા મળે છે; ત્યારે દુઃખ અને હતાશાથી નિઃશ્વાસ નંખાઇ જાય છે કે આ દેશનું થશે શું ? એક કાળે આપણી જ કોલેજોમાં એવા અધ્યાપકો હતા, ખાસ કરીને સ્વાતંત્ર્ય પૂર્વે કે જેમનો પીરિયડ ચુકાઈ જાય, તો વિદ્યાર્થીઓ કોઈ મહામૂલી મૂડી ગુમાવી હોય એવું દુઃખ જ અનુભવતા. વળી, એવા અધ્યાપકોના વિષયના જ નહીં; અન્ય વિષયોવાળા વિદ્યાર્થીઓ પણ એ અધ્યાપકોનાં વ્યાખ્યાન સાંભળવા વર્ગમાં પ્રવેશી જતા. જ્યારે આજના અધ્યાપકો ફરિયાદ કરે છે કે, "છોકરાઓ પીરિયડ ભરતા જ નથી !"

શિક્ષક–અધ્યાપકની વ્યાખ્યા તો કંઈક એવી કરી શકાય કે, તે પોતાના વિષયનો નિષ્ણાત હોય; સાથે સાથે જ વિશ્વના અન્ય સર્વ વિષયોનો સારો જાણકાર હોય; ઉપરાંત નિરંતર વિદ્યા–અર્થી હોય, સારો મનુષ્ય હોય; તો જ વિદ્યાર્થીને જ્ઞાન-વાણી વડે મુગ્ધ કરી શકે, જે વિદ્યામંત્રને વર્યો હોય એ જ વિદ્યાર્થીને મંત્રમુગ્ધ કરી શકે ને ? આજે તો શિક્ષક ભણાવવા નથી માગતો ને વિદ્યાર્થી ભણવાય નથી માગતો, બસ હિસાબ સરભર થઈ ગયો !

આને જ હું નિષ્ઠાની કટોકટી કહું છું. આજે ભારતવર્ષની તીવ્રતમ, વિનાશક સમસ્યા જો કોઇ હોય તો તે આ જ કે, નિષ્ઠાનો અભાવ. રાજકર્તાથી માંડીને તે પટાવાળા સુધીની કોઈપણ જાહેર વ્યકિતમાં ફરજ-પાલનની નિષ્ઠા નથી. પછી વેપારી યા ઉદ્યોગપતિમાં, કે ખેડૂત યા મજૂરમાં તો હોય જ કયાં ? બધાને સહેલાઇથી બધું જ મેળવી લેવું છે ! આજના જીવલેણ ભ્રષ્ટાચારનાં મૂળ આ નિષ્ઠાના અભાવમાં જ દઢ થયેલાં છે. ત્યારે એ મૂળને છેદવાનું કાર્ય કોણ બજાવશે ? હું માનું છું કે એ કાર્ય શિક્ષક અને વિદ્યાર્થી જ બજાવી શકે, તેમણે જ બજાવવાનું છે.

આ વર્ષે દિશાશૂન્ય જેવું, વર્ગવિગ્રહનાં બીજ ધરાવતું આંદોલન ચાલ્યું, વિદ્યાર્થીઓએ સમજ્યે-વગર સમજ્યે જ ઝંપલાવ્યું. છતાં એ ક્ષમ્ય ગણીએ; પરંતુ અર્થહીન એવા આ આંદોલન પાછળ સામ્યશકિત વેડફયા બાદ, વળી માસ–પ્રમોશન માટે પુનઃ આંદોલને ચઢવું એ વિદ્યાર્થીઓ માટે શરમજનક તથા આત્મઘાતી પગલું જ બન્યું અને હજી વધુ ગંભીર રીતે બની રહેવાનું છે. ૧૯૪૨ના સ્વાતંત્ર્ય જંગ વખતે લગભગ તમામ શિક્ષણ સંસ્થાઓ બંધ રહી હતી; સ્વદેશ-ભકિતભાવે થનગનતા વિદ્યાર્થીઓ જાન કુરબાન કરવા નીકળી પડયા હતા; એક વિદેશી મહાસત્તા 'ત્રાહિમામ્ ત્રાહિમામ્' પોકારી ગઈ, એવાં વીરતાભર્યાં પરાક્રમો વિદ્યાર્થીઓએ કરી બતાવ્યાં હતાં. છતાં માર્ચ–એપ્રિલ ૧૯૪૩ની પરીક્ષા જેણે આપવા ઈચ્છી તેણે આપી, પરંતુ કોઈપણ વિદ્યાર્થીએ માસ–પ્રમોશન તો નહોતું જ માગ્યું; એવો વિચાર કોઈને ન આવ્યો. કયાં એ પેઢી અને કયાં આજની ? જો આપણને આપણા લોકહિતના કાર્યોમાં શ્રદ્ધા–નિષ્ઠા હોય, તો આવો તુચ્છ બદલો આપણે કદાપિ માગીએ ખરા કે ?

અને વિદ્યાર્થીઓ આવી માગણી કરવા પ્રેરાય, એ બદલ વિશેષ શરમાવાનું તો ખરેખર શિક્ષકોએ જ છે. આપણે એવી તે કેવી કેળવણી આપી કે આપણા સંસ્કાર ઝીલનારા યુવકો આવા એદી, આટલા પોકળ, આવા લાલચુ, ક્ષુદ્ર સ્વાર્થમાં ખેંચાઈ આખા સમાજને હાનિ કરનારા પાક્યા? માસ–પ્રમોશન સામે નિવેદનો આપ્યે કંઈ વળવાનું નથી. અધ્યાપકે–શિક્ષકે તો વર્ગમાં જ સાચો વિદ્યાર્થી તૈયાર કરવો, જે સ્વહિત, દેશહિત તથા માનવજાતના હિતને પ્રતીતિથી પીછાણી શકે એવો ઠરેલ હોય, સજ્જ હોય. તેવો વિદ્યાર્થી જો કોઈ આંદોલન કરશે, તો એ એવું હશે, જે વિશ્વની સૂરત પલટી નાખશે. ત્યારે જ આ દુઃખદર્દોથી ખદબદતી દુનિયા નંદનવનમાં પલટાઈ જશે. આ સર્વ મૂલ્યવાન ધ્યેયો સિદ્ધ કરવા માટે અનિવાર્યતા તો છે કેવળ એક જ શબ્દની, એ શબ્દને સાર્થક કરવાની અને તે શબ્દ છે, નિષ્ઠા. ■

જ્યાં કોઈયે કોઈનું નથી, એટલે કે
પોતે ય પોતાનું નથી, એને જ સંસાર કહે.

# રાષ્ટ્રીય સેવા યોજના અને મારા અનુભવો

-સુનીલ ડી. દેસાઈ
ટી. વાય. બી. એ.

રાષ્ટ્રીય સેવા યોજના N. S. S., પ્રથમવાર જ્યારે તેના વિશે સાંભળ્યું. ત્યારે એવું વિચારેલું કે અન્ય અગડંબગડં પ્રવૃત્તિઓ જેવી જ આ પણ પ્રવૃત્તિ હશે; શુદ્ધ ચીલાચાલુ જ હશે તેવો ખ્યાલ હતો. એટલે N. S. S. અંગેની નોટિસ વાંચી તેના ઈન્ચાર્જ પ્રાધ્યાપકને મળવા ગયો. તેમની સરળ સમજૂતી અને લાગણીને કારણે મનેકમને આ પ્રવૃત્તિમાં જોડાયો. વારંવાર સભાઓ રાખવામાં આવતી હતી. જેમ જેમ સભાઓમાં, ચર્ચાઓમાં ઊતરતો ગયો તેમ તેમ N. S. S.માં રસ વધતો ગયો. કૉલેજ જીવનની વિદાયનું આજે આખરી વર્ષ છે. તે દરમ્યાન ચાર શિબિરોમાં કામગીરી બજાવી ચૂકયો છું. N. S. S.નાં નાનાંમોટાં તમામ કાર્યોમાં અચૂક હાજર રહ્યો છું. નાપાસ થવાથી જેટલું દુઃખ થાય તેટલું દુઃખ તેના કાર્યક્રમોમાં ગેરહાજર રહેવાથી અનુભવું છું. હૃદયથી સ્વીકાર કે મારા વ્યકિતત્વના ઘડતરમાં આ પ્રવૃત્તિનો ફાળો અમૂલ્ય છે. જાહેરમાં કયારેક એક શબ્દ બોલી શકતો નહોતો તેને બદલે નાટકમાં ભાગ લેતો થયો. પાવડો, ત્રિકમ, તગારાં જોઈને જ કંટાળો આવતો હતો તેન બદલે શિબિરમાં કે અન્ય પ્રસંગોએ હમેશાં આ સાધનોથી લાગણી બાંધી ચૂકયો છું. કામ પ્રત્યેની સૂગ જીવનમાંથી હવે કાયમ માટે વિદાય થઇ ગઇ છે.

અજાણી જગ્યાએ તદ્દન પછાત અને અસંસ્કારી માનવ સમુદાયમાં કેમ કામ કરવું, તેમને કેવી રીતે જીતી લેવા, તેના આયોજનનો અમૂલ્ય વારસો મળ્યો છે. જે જીવનભર મદદરૂપ થઈ શકશે. વેર-ઝેર અને ઈર્ષા વધતાં ચાલ્યાં છે, ત્યારે N. S. S.ની પ્રવૃત્તિએ ભાઈચારાની લાગણી એવી તીવ્ર બનાવી છે કે એક-બીજાને જોઈને લાગણીથી ભીંજાય જવાય છે. સામુહિક સંગઠનના બળની નવી દિશાનો વાસ્તવિક અનુભવ થયો.

રા. સે. યો.ની પ્રવૃત્તિને કારણે અસંખ્ય અજાણ્યા મહાનુભાવોનો પરિચય થયો. તેમના પરિચયથી નવાં નવાં કાર્યો કરવાનો ઉત્સાહ બેવડાતો ગયો. નૈતિક હિમતમાં વધારો થતો ગયો. કૉલેજના જનરલ સેક્રેટરી બનવાની પ્રેરણા અને હિંમત પણ આજ પ્રવૃત્તિમાંથી મને પ્રાપ્ત થઇ તેનો જેટલો આભાર માનું તેટલો ઓછો. સ્થાનિક અધ્યાપકો ઉપરાંત યુનિ. સાથે સંકળાયેલા અધ્યાપકોના પરિચયમાં આવવાની આ પ્રવૃત્તિથી તક મળી.

વર્ષમાં એકવાર યોજાતો દસ દિવસનો શિબિર માત્ર મારી જ નહીં, પરંતુ જેમણે જેમણે શિબિરોમાં ભાગ લીધો હશે તે સર્વની એવી પ્રતીતિ છે કે જીવનનો આ એક અમૂલ્ય પ્રસંગ છે. સામાન્ય રીતે શિબિરમાં ભાગ લેવાની ઇચ્છા ઓછા રાખે છે. પરંતુ જેઓ એકવાર શિબિરમાં જાય છે, તેઓ બીજી શિબિરોનાં જવાનું કયારેય ન જ ચૂકે તેવો મારો સ્પષ્ટ અભિપ્રાય છે. શિબિર દરમ્યાનનો સમય કાર્ય-નિષ્ઠામાં પ્રવૃત્ત રહેવાનો અને મિત્રો સાથેનો નિર્મળ આનંદ એટલો બધો મળે છે કે ખાવાપીવા કે ઊંઘવાની ફિકર, થાક, આળસ, ઘરની યાદ બધું જ ગાયબ થઇ જાય છે. અને મિશનરી સ્પિરિટથી શિબિરમાં ઓતપ્રોત થઇ જવાય છે.

ઠેર ઠેર ભાષણબાજીઓ ચાલી રહી છે ખરી ખોટી વાતો કરી નાહક સમય વેડફાઈ રહ્યો છે. ત્યારે નિરાશા, ચિંતામાં કે સંકુચિતતામાં પીડાતા વિદ્યાર્થીઓ આવી પ્રવૃત્તિઓમાં જોડાઈ. પોતાનું તેમજ સમાજનું કલ્યાણ કરવામાં અમૂલ્ય ફાળો આપી શકે. તેનાથી શિસ્ત કેળવાય છે. કામની રુચિ વધે છે. મિત્રો વધતા જાય જાય છે અને અન્ય માટે કંઇ ઉપયોગી કાર્ય કરવાનો નૈતિક સંતોષ પણ અનુભવાય છે. આપણે આટલો પણ પ્રયત્ન કરીએ ઘણું છે; જે કદાચ મારા મતે જીવનની કીમતી મૂડી બની રહેશે.

# ગુણોત્તર વિશ્લેષણ

-રંજન પુ. પટેલ
ટી. વાય. બી. કોમ.

સામાન્ય રીતે ધંધાના રોજબરોજના વ્યવહારોની નોંધ કાયદાની જોગવાઈનું પાલન થાય અને ધંધાનું પરિણામ જાણી શકાય તે રીતે કરવામાં આવે છે. અને તેને આધારે સમગ્ર વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિનું પરિણામ જાણવા માટે નં. નું. અને પાકુ સરવૈયુ બનાવવામાં આવે છે.

આ તૈયાર થતા હિસાબોના આધારે સમગ્ર વર્ષ દરમ્યાન શું પરિણામ આવ્યું તે જાણી શકીએ છીએ. પરંતુ એ પરિણામ કયા કારણસર, તે જાણવું હોય તો એનો વિગતે અભ્યાસ કરવો જરૂરી બને છે. અને તેના આધારે વધુ સારી પરિસ્થિતિ પર પહોંચવા શાં પગલાં લેવા જોઈએ તેનો વિચાર કરવામાં આવે તો ધંધા માટે વધુ લાભદાયક પરિસ્થિતિનું નિર્માણ કરી શકાય.

કોઇ બે કંપની વેચાણના આંકડા તમને આપવામાં આવે તો તે માટે આપણે એ હિસાબોમાંથી આપણા પ્રાપ્ય માહિતીને આપણા હેતુને ધ્યાનમાં રાખી યોગ્ય સ્વરૂપમાં ગોઠવી, એનું પૃથક્કરણ કરીએ, તો ખુબ જ ઉપયોગી એવી માહિતી મળી શકે.

કોઈ બે કંપનીના વેચાણના આંકડા તમને આપવામાં આવે અને તમને કઈ કંપની સારી, એવું પૂછવામાં આવે તો, અને તેને બદલે તે બંને કંપનીના કામ-નફા સાથે તે આંકડા આપ્યા હોય તો તમે વધુ સારી રીતે ઉત્તર આપી શકો. દાખલા તરીકે **'અ'** અને **'બ'** કંપનીનું વેચાણ રૂ. ૫,૦૦,૦૦૦ છે. આટલી માહિતી પરથી તો બંને કંપનીની પરિસ્થિતિ સરખી લાગે, પરંતુ એમ કહેવામાં આવે કે કંપની 'અ'નો કામો-નફો, રૂ. ૨,૦૦,૦૦૦ છે. અને 'બ' નો નફો રૂ. ૧,૫૦,૦૦૦ છે. તો આપણે એમ કહી શકીએ કે બન્ને કંપનીનું વેચાણ સરખું હોવા છતાં, કંપની **'અ'** ની નફો કમાવાની શક્તિ વધુ છે; એટલી કંપની 'અ' સારી છે. આવા સંજોગોમાં **'બ'** કંપનીનો નફો કેમ ઓછો છે ? તેનો વિચાર તેના સંચાલકોએ કરવો જોઈએ.

આ રીતે હિસાબોની માહિતીની એકબીજા સાથે જે સરખામણી કરવામાં આવે છે, તેની રજૂઆત ટકા-વારીમાં અથવા પ્રમાણના સ્વરૂપમાં કહી શકાય તેને જ આપણે ગુણોત્તર તરીકે ઓળખીએ છીએ. કઈ માહિતી-ની સરખામણી કરવી એનો આધાર આ ગણતરી કયા હેતુસર કરવામાં આવે છે, તેના પર રહેલો છે. ગુણો-ત્તરોના પ્રકારો પણ અલગઅલગ પ્રકારો દષ્ટિબિંદુથી દર્શાવી શકાય.

## નાણાકીય-પત્રકના આધારે

૧. નફાના ગુણોત્તર
૨. પાકા સરવૈયા ગુણોત્તર
૩. સંયુક્ત ગુણોત્તર

## કાર્યાનુસાર વર્ગીકરણ

૧. પ્રવાહિતાના ગુણોત્તર
૨. નફાકારકતાના ગુણોત્તર
૩. પ્રવૃત્તિના ગુણોત્તર
૪. મૂડી-માળખાને લગતા ગુણોત્તર

ગુણો-તરોની ઉપયોગિતાની પણ કેટલીક મર્યાદા છે.

ગુણો-તરની ગણતરી ભૂતકાળની માહિતીના આધારે થાય છે ? એટલે ભવિષ્યમાં થનારા ફેરફારોને આપણી નજર સમક્ષ રાખી, એ અંગેના નિર્ણયો લેવાવા જોઇએ. બીજી કંપનીના ગુણોત્તરોની સાથે સરખામણી કરી, જો નિર્ણય લેવામાં આવે તો આપણે વધુ સારા નિર્ણય પર આવી શકીએ. જોકે, ઘસારો ગણવાની રીત, સ્ટોકના મૂલ્યાંકનની રીત વગેરે જો

ન લઇએ અને નફાની સરખામણી કરીએ તો સાચું મૂલ્યાંકન ન થાય એવું બને. જે કંપનીમાં ઘસારો મૂળ કિંમત પર ગણવામાં આવતો હોય તે કંપનીનો નફો, સ્વાભાવિક રીતે જ જે કંપનીમાં ઘસારો ઘટતી જતી બાકી પર ગણવામાં આવતો હોય તેના કરતાં વધારે હોય.

ગુણોત્તર વિશ્લેષણની ઉપયોગિતા અને મર્યાદાનો ખ્યાલ આવી શકે તે હેતુસર અહીં આપણે બે-ત્રણ ગુણોત્તરો વિશે વિગતે જોઇશું.

## ૧. ચાલુ ગુણોત્તર :

ચાલુ ગુણોત્તર કંપનીની નાણાંકીય પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. ચાલુ ગુણોત્તરની ગણતરી ચાલુ મિલકતો અને ચાલુ ધંધાના આધારે કરવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં આ ગુણોત્તર ૨-૧ જેટલો હોય સારી પરિસ્થિતિનું સૂચન કરે છે. પરંતુ જ્યારે સીઝન હોય, ત્યારે દેવું કરીને પણ માલનો સ્ટોક કરી લેવો પડતો હોય છે. તેવા સંજોગોમાં આ ગુણોત્તર ઓછો થઈ જવાની શકયતા છે. છતાં તે પરિસ્થિતિ અનુકૂળ બની શકે છે. આમ આ ગુણોત્તર દ્વારા આપણે કંપનીની ચાલુ મિલકતમાંથી ચાલુ જવાબદારી અદા કરવાની શકિતનો ખ્યાલ મેળવી શકીએ છીએ. કેટલીકવાર એવું પણ બનતું હોય છે કે કાયમી મિલકતો વેચી નાંખી હોય અને રોકડ વધી હોય તો તેવા સંજોગોમાં જો આપણે ચાલુ ગુણોત્તર સારો જોઇને નિર્ણય કરીએ તો ગેરમાર્ગે દોરાવાની શકયતા રહેલી છે.

## ૨. સ્ટોકના ઉપલાનો દર :

આ ગુણોત્તરની ગણતરીને આધારે વર્ષ દરમ્યાન સ્ટોકનો કેટલીકવાર ઉથલો કરવામાં આવ્યો તે જાણી શકાય છે. જેમ સ્ટોકનો ઉથલો વધુ તેમ ધંધાની પરિસ્થિતિ સારી. સ્ટોકનો ગુણોત્તર વેચાણના ચલન-દરનો ખ્યાલ આપે છે. જો આ ગુણોત્તર ઘટે તો વેચાણમાં ઘટાડો સૂચવે છે. અને વધે તો વધારો સૂચવે છે. આ ગુણોત્તર ધંધામાં રાખવામાં આવતાં સ્ટોક પર અંકુશ રાખવા માટે ઉપયોગી થઈ પડે છે.

આમ ગુણોત્તર વિશ્લેષણનો કાળજીપૂર્વકનો ઉપયોગ કરવામાં આવે અને એની મર્યાદામાં ધ્યાન રાખવામાં આવે તો ધંધાને માટે તે ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. અંતમાં જુદા જુદા હેતુ માટે કયા પ્રકારના ગુણોત્તરોનો ઉપયોગ થાય છે. એનો ઉલ્લેખ કરી લઈએ.

૧. કંપની નફાકારકતા જાણવા માટે–કાચા નફાનો ગુણોત્તર, ચોખ્ખા નફાનો ગુણોત્તર.
–રોકાયેલી મૂડી પર વળતર
–શેર દીઠ વળતર

૨. કંપનીની નાણાંકીય સ્થિતિ–
જાણવા–ચાલુ ગુણોત્તર
–પ્રવાહી ગુણોત્તર
–મૂડી મિલકત ગુણોત્તર
–મૂડી ગિયરીંગ ગુણોત્તર

૩. પ્રવૃતિનો ખ્યાલ મેળવવા માટે સ્ટોક ચલન દર
–દેવાદારનો ગુણોત્તર

૪. મૂડી માળખાને લગતા–
ગુણોત્તર–માલિકી ભંડોળના ગુણોત્તર
–મૂડી ગિયરીંગ ગુણોત્તર

# વ્યક્તિગત સિદ્ધિઓની નોંધ

.... .... .... (અભિનંદન સહ)

**૧ આચાર્યશ્રી ડૉ. ગુણવંતરાય જે. દેસાઇને**

— ગુજરાત રાજ્ય આચાર્ય મહામંડળના પ્રમુખપદે થયેલ વરણી બદલ.

**૨ પ્રા. આર. એસ. ગાંધીને**

— કોલેજના ઉપાચાર્યપદે નિયુક્તિ બદલ.

**૩ પ્રા. ડૉ. અબ્બાસઅલી તાઈને**

— મૌલિક કાવ્યસંગ્રહ "સૂરજમુખીને સૂરજ ઝંખે" ( ડૉ. જયંત પાઠકના આવકાર સાથે ) પ્રગટ બદલ. ડૉ. તાઈનું કરવા આ પાંચમું પુસ્તક છે; જેનું પ્રકાશન બીલીમોરા રોટરી ક્લબે કર્યું.

— આકાશવાણી, અમદાવાદ વડોદરા ઉપરથી 'અમૃતધારા' કાર્યક્રમમાં તથા મોહરમ અને ગાંધીનિર્વાણ નિમિત્તે કોમી એકતા વિશે વાર્તાલાપ રજૂ કરવા બદલ ( "આપણે સૌ એક સમાન" ).

— વિવિધ શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓમાં નાટક, સાહિત્ય તથા તત્ત્વજ્ઞાન વિષયક **૨૨** જેટલાં વ્યાખ્યાનો આપવા બદલ.

— અંબિકા વિભાગ કેળવણી મંડળના મંત્રી તરીકે થયેલ વરણી બદલ.

**૪ પ્રા. વસંત દલીચંદ શાહને**

— વાસણ વિભાગ કેળવણી મંડળના પ્રમુખ તરીકે વરણી બદલ.

— શ્રી વી. ઓ. જૈન કે. મંડળ તથા શ્રી વી. ઓ. જૈનસમાજ–નવસારીના કારોબારી સમિતિ સભ્ય તરીકે વરાવા બદલ.

— અમેરિકા – ચિકાગોમાં બહુવિધ સાંસ્કૃતિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવવા બદલ.

**૫ શ્રી નાથુભાઈ જી. પટેલને**

—પટાવાળાના સ્થાન પર ખંત તથા વિનયથી ફરજ બજાવી. સૌનો આદર પ્રાપ્ત કરી, કદરરૂપે એ સ્થાનેથી કલાર્કના ઉચ્ચતર સ્થાન પર બઢતી મેળવવા બદલ.

—o—

# સંપાદકીયમ્

भूमा एव सुखम् ।

સુખની આ વ્યાખ્યા જ કેવી વિરાટ છે! આ સુવિરાટ વિશ્વમાં એક માત્ર સંપ્રજ્ઞ પ્રાણી માનવી છે, અર્થાત્ વિશ્વની વિરાટતાને માણી–પ્રમાણી શકનાર કેવળ મનુષ્ય જ છે. એથી એમ કહેવું ભાગ્યે જ અસત્ય લેખાય કે માનવચિત્ત તથા માનવીય ચેતના આ વિશ્વથીય વિરાટ એવું એક ભૂમા તત્ત્વ છે. એ જ ચિત્ત જ્યારે સંકુચિત બને, તુચ્છ બને, હીન નીવડે ત્યારે મનુષ્યનો એ કેવો મોટો વિનિપાત લેખાય?

રાત્રિકાળે આકાશનું દર્શન અંતરને કેવી વિશાળતાનો અનુભવ કરાવે છે! એકલી કેવળ આપણી નિહારીકામાં જ બે અબજ સૂર્યો છે અને બ્રહ્માંડમાં એવી તો બે અબજ નિહારિકાઓ છે. આ અકલ્પ્ય વિરાટતા સમક્ષ આપણે રાઈના દાણાનાય લાખમાં અંશ જેટલા ક્ષુદ્ર છીએ; પરંતુ આપણી મહત્તા એ જ કે, આપણે સજીવ છીએ, સ–જ્ઞાન છીએ, સ–બુદ્ધિ છીએ; જ્યારે સમસ્ત વૈરાટ્ય જડ હોઈ, આપણાથી એ રીતે નિમ્ન છે. આપણી પાસે ભલે કદની વિરાટતા નથી, ચિત્ત તથા હૃદયની વિરાટતામાં આપણે અખિલ બ્રહ્માંડમાં અદ્વિતીય છીએ. પરંતુ ખેર, મનુષ્ય પોતાની એ ભૂમાથી અભિજ્ઞ નથી, પોતે જ પોતાને ઓળખતો નથી, અને એથી જ અતીવ દુઃખ–ખેદની એ વાત છે કે આપણે ક્ષુદ્ર સ્વાર્થોમાં, હીન સંકુચિતતાઓમાં, ક્ષણિક નગણ્ય પ્રાપ્તિઓમાં, એકલપેટા સંઘર્ષોમાં રાચીએ છીએ. આજની તમામ માનવીય સમસ્યાઓનું મૂળ આપણી આ માનસિક સંકુચિતતા છે, ટૂંકી દૃષ્ટિ છે. અને એમાંથી જ દુઃખનું નિર્માણ આપણે સ્વહસ્તે કરી રહ્યા છીએ.

'હું બ્રહ્મ છું, આ સમસ્ત સંસાર બ્રહ્મ છે....સર્વમાં હું જ રહેલો છું.' એવી ભદ્ર ભાવના આપણા પૂર્વજોએ ગાઈ છે, વિકસાવી છે. એમના જ વારસદારો આપણે અગણિત ભાગલાઓમાં રાચીએ છીએ અને સામાનું છીનવી લેવા આંદોલનો કરીએ છીએ. આખીય વસુધા, સમગ્ર વિશ્વ મારું કુટુંબ છે એ ભાવનામાં જ સુખ છે, આનંદ છે, સર્વનો ઉત્કર્ષ છે; એ ભૂલી આપણે આપણા જ ભાઈઓનાં, દલિત–પતિત બાંધવોનાં હિત–અધિકાર છીનવી લેવા માટે લડીએ, તો સ્વયં કદાપિ સુખ પામી શકીએ ખરા? 'હું તો આપીને આનંદ માણું....મેળવીને નહીં.' એ માનવીય પ્રેમભાવના વિના કોઇ રાષ્ટ્રનો યા માનવજાતનો ઉદ્ધાર કદીય શકય નથી.

'સુખ' શબ્દ જ કેવો અદ્ભુત આપણા પૂર્વજોએ નિર્મ્યો છે! 'સુ' એટલે સારી, સાનુકુળ; જ્યારે 'ખ' એટલે ઇંદ્રિયો. જે ઇન્દ્રિયોને અનુકૂળ લાગે તે સુખ; એટલું જ નહીં, જ્યારે ઈન્દ્રિયો સાનુકૂળ બને ત્યારે જ સુખાનુભવ થાય. મનુષ્ય ઇન્દ્રિયોને અનુકૂળ થઈને નહીં,

ઇન્દ્રિયોને અનુકૂળ બનાવીને જીવે તો સુખના સાગરમાં યથેચ્છ નિમગ્ન રહી શકે. જે ઇન્દ્રિયોની તુચ્છતાને જીતે છે એ જ ખરો વિજેતા છે. આપણે ક્રોધ, દ્વેષ, વૈર, ઈર્ષ્યાદિ ત્યાગીશું, તો એ આવરણની પેલે પાર સુખ જ સુખ ઝળહળતું દૃષ્ટિગોચર થશે. ઇન્દ્રિયોને પરવશ બનવાને બદલે, આ વિરાટ વિશ્વના સત્ તથા ઋતને અનુકૂળ બની જીવીએ તો સુખથીય દશાંગુલ ઊર્ધ્વ એવા આનંદસ્વરૂપનાં દર્શન પામી શકીશું. જીવનનું લક્ષ્ય આખર અન્ય છે પણ શું ? જીવન જ આનંદસ્વરૂપ છે અને એનું ગંતવ્ય પણ એ જ આનંદ છે.

સરસ્વતીની સાધના, વિદ્યાની ઉપાસના એ તત્ત્વતઃ ભૂમાની જ આરાધના છે. ખંડદર્શન એ સાચું જ્ઞાન નથી. એ ખંડના તરણાની ઓથે રહેલ અખંડ ભૂમાનાં નિતાંત દર્શન એ જ તો સાચું જ્ઞાન છે. સાચો વિદ્યાર્થી તો ભૂમાનો સમારાધક હોય. એનું હૈયું વિશ્વનાં આંદોલન સાથે તાલ મિલાવતું રહે. ભૂમાના અનુભવ વિનાનું જ્ઞાન કેવળ અપૂર્ણ જ નહીં; જોખમી છે. આજે જ્ઞાનનો પ્રચંડ વિસ્ફોટ છે, પરંતુ ભૂમાદર્શનની ખોટ છે. સંસારના સર્વ સંઘર્ષોનું મૂળ કારણ જ એ છે.

વિદ્યા ભૂમા છે. કલા ભૂમા છે, સૌંદર્ય ભૂમા છે, આધ્યાત્મ ભૂમા છે, પ્રેમ ભૂમા છે. આ સર્વ માનવજીવનનું સર્વોચ્ચ શિખર સાધવાના પ્રસ્થાનના ભિન્નભિન્ન માર્ગો છે. વિદ્યાર્થી એનો યાત્રી છે એની નજર કદાપિ ક્ષુદ્ર ઉપર ઠરે નહીં. સત્તા, સાધનો, સંપત્તિ એ સર્વ કેવળ નિમ્ન ભૂમિકા છે; જેની સાથે જડાઇને જીવી જવું એ જીવન નથી, માનવજીવન તો નથી જ. અતિ ઉચ્ચ, સુવિરાટ, ભવ્ય, અતિ ઉજ્જવળ, તુચ્છ પ્રાણીપણાથી પર લોકોત્તર એવું કોઈ તત્ત્વ દૃષ્ટિ સમક્ષ રાખી, જે વિદ્યા–જ્ઞાનની સાધના કરે એ જ અંતે ભૂમાને પામે છે. પછી જ નિરંતર સુખ–આનંદનો અબાધિત અધિકારી બને છે.

તો મિત્રો ચાલો, ભૂમાના અનુભવ દ્વારા સુખની સિદ્ધિને જ જીવનનું ધ્યેય બનાવી ગતિ કરીએ અને આપણી વિદ્યા–સાધનાને સાચા અર્થમાં સાર્થક કરીએ ! ■

---

# વિદ્યાર્થી મંડળની વરણી

૧૯૮૦–૮૧ના શૈક્ષણિક વર્ષમાં યુનિ. ના નિયમાનુસાર વિદ્યાર્થી મંડળની ચૂંટણી વર્ગવાર યોજવામાં આવી, તેમાં નીચે પ્રમાણે વર્ગ પ્રતિનિધિઓ ચૂંટાયા.

| | | |
|---|---|---|
| ૧. | ટી. વાય. બી. એ. | શ્રી સુનીલ ડી. દેસાઈ |
| ૨. | ,, ,, ,, | ,, પ્રેમાભાઈ આર. પટેલ |
| ૩. | ,, ,, ,, | ,, સંપતભાઈ જી. પટેલ |
| ૪. | ,, ,, ,, | કુ. ઉષાબેન આર. પટેલ |
| ૫. | એસ. વાય. બી. એ. | કુ. અંબાબેન જી. પટેલ |
| ૬. | ,, ,, , | શ્રી અરૂણભાઈ સી. પટેલ |
| ૭. | ,, ,, ,, | કુ. તૃપ્તિ એસ. દેસાઈ |
| ૮. | એફ. વાય. બી. એ. | કુ. પાર્વતી એન. પટેલ |
| ૯. | ,, ,, ,, | શ્રી શંકર જી. પટેલ |
| ૧૦. | ,, ,, ,, | શ્રી કાન્તિલાલ બી. પટેલ. |
| ૧૧. | એફ. વાય. બી. કોમ. | શ્રી છોટુભાઇ પી. પટેલ |
| ૧૨. | ,, ,, ,, | શ્રી અરવિંદભાઈ વી. પટેલ |
| ૧૩. | ,, ,, ,, | શ્રી બાબુભાઇ એમ. પટેલ |
| ૧૪. | ,, ,, ,, | શ્રી સુનીલ ડી. પટેલ |
| ૧૫. | ,, ,, ,, | શ્રી શૌકત આઈ. લુણત |
| ૧૬. | એસ. વાય. બી. કોમ. | શ્રી કનુભાઇ એમ. પટેલ |
| ૧૭. | ,, ,, ,, | શ્રી રબીન્દ્રસિંગ એસ. ચડ્ડા |
| ૧૮. | ટી. વાય. બી. કોમ. | શ્રી હરિશકુમાર એમ. પટેલ |

ઉપર્યુક્ત વર્ગ પ્રતિનિધિઓમાંથી નીચેના વિદ્યાર્થીઓની યુનિ. પ્રતિનિધિ તરીકે વરણી કરવામાં આવી.

૧. શ્રી સુનીલ ડી. દેસાઈ.

ચૂંટાયેલા વર્ગ પ્રતિનિધિઓમાંથી નીચે પ્રમાણે વિભાગીય સમિતિઓની રચના કરવામાં આવી.

**૧. નાણાકીય સમિતિ :** અધ્યક્ષ : શ્રી જે. વી. પટેલ
મંત્રી : શ્રી સુનીલ ડી. દેસાઇ.

**૨. સામાજિક સાંસ્કૃતિક સમિતિ :** અધ્યક્ષ : પ્રા. આર. આર. મહેતા, મંત્રી : કુ. તૃપ્તિ એસ. દેસાઇ.

**૩. ચર્ચા સમિતિ :** અધ્યક્ષ : ડૉ. એ. કે. તાઇ, મંત્રી : શ્રી છોટુભાઇ પી. પટેલ.

**૪. આયોજન મંડળ :** અધ્યક્ષ : ઉપાચાર્યશ્રી આર. એસ. ગાંધી, મંત્રી : અરવિંદભાઈ બી. પટેલ.

**૫. પ્રવાસ સમિતિ :** અધ્યક્ષ : પ્રા. એ. એમ. નાયક, મંત્રી : શ્રી સંપત જી. પટેલ.

**૬. મેગેઝીન સમિતિ :** અધ્યક્ષ : પ્રા. કુ. માલતી જે. જોષી, મંત્રી : શ્રી રબીન્દ્રસિંગ એસ. ચડ્ડા.

૭. **રમતગમત સમિતિ :** અધ્યક્ષ : શ્રી ડી. ડી. પટેલ, મંત્રી : શ્રી અરુણભાઇ સી. પટેલ.

વિદ્યાર્થીમંડળના પ્રમુખસ્થાને આચાર્યશ્રી ડૉ. ગુણવંતરાય જે. દેસાઇ છે.

અમારી કોલેજમાં વર્ષભર થયેલી વિવિધ પ્રવૃત્તિઓ તથા વિભાગવાર પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત હેવાલ અમે અત્રે સાદર કરીએ છીએ.

## યુનિવર્સિટી ઋણસ્વીકાર :

દ. ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાવિસ્તરણ વ્યાખ્યાન યોજનાના ઉપક્રમે પ્રસ્તુત વર્ષે અમને બે વિદ્વાન વક્તાઓનાં મનનીય વ્યાખ્યાનોનો લાભ મળ્યો.

(૧) આકાશવાણી-અમદાવાદ ખાતેના યુવક કાર્યક્રમ "યુવવાણી"ના નિયામક **શ્રી બી. જી. ભણસાળીનું** આંતરયુનિવર્સિટી વિસ્તરણ વ્યાખ્યાન અત્રે યોજવામાં આવ્યું. તેઓએ "મુક્ત સમાજમાં યુવાનો" એ વિષય ઉપર મૂલ્યવાન વિચારો વ્યક્ત કર્યા.

(૨) ભરૂચની એમ. કે. કોમર્સ કોલેજના વિદ્વાન આચાર્ય **શ્રી આર. સી. જોશીનું** "પંચવર્ષીય યોજનાઓની સિદ્ધિઓ તથા આર્થિક પ્રવાહો" એ વિષય પર આંતરકોલેજ વિસ્તરણ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં તેઓએ વિષયની સૂક્ષ્મ તથા વ્યાપક છણાવટ કરી હતી.

## ધરાસણા ગેઝેટીયર :

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન. એસ. એસ. વિભાગે ૧૯૮૦-૮૧ના વર્ષ દરમ્યાન વલસાડ જિલ્લાના સુપ્રસિદ્ધ ગામ, ધરાસણાનો સર્વસંગ્રહ તૈયાર કરવાની જવાબદારી અમારી કોલેજને સોંપી. આ જવાબદારી કોલેજના બે પ્રાધ્યાપકો પ્રા. **રમેશ એસ. ગાંધી** તથા પ્રા. **જે. વી. પટેલે** ઉપાડી.

આચાર્યશ્રી ડૉ. **જી. જે. દેસાઈ**ના માર્ગદર્શન હેઠળ આ બંને પ્રાધ્યાપકોએ સાત દિવસ ધરાસણા ગામની મુલાકાતો લઈ "**ધરાસણા ગેઝેટીયર**" તૈયાર કર્યું છે.

## સાંસ્કૃતિક સમિતિ :

૧૯૮૦-૮૧ના વર્ષની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું મંગલાચરણ તા. ૧૫મી ઓગસ્ટના દિવસે થયું. આઝાદીના પર્વ ઉપરાંત યોગાનુયોગે એ જ દિવસે મહર્ષિ અરવિંદનો જન્મદિવસ પણ હોઈ, એની ઉજવણી પ્રા. રજની મહેતા અને એમના વૃંદ દ્વારા રજૂ થયેલ ભક્તિ સંગીત અને હળવા કંઠ્ય સંગીતના કાર્યક્રમથી કરવામાં આવી.

તા. ૨૩-૯-૮૦ના દિવસે, શ્રી જે. એમ. પટેલ સાર્વજનિક હાઇસ્કૂલ, દિગેન્દ્રનગર ખાતે ચીખલી તાલુકાનો તેરમો યુવક મહોત્સવ યોજાયો. આ કોલેજે આ મહોત્સવમાં આ વર્ષે પણ પોતાનું પ્રતિનિધિત્વ કર્યું અને હંમેશ મુજબ યશસ્વી સિદ્ધિઓ પ્રાપ્ત કરી. જે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ સિદ્ધિઓ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું, તેમનાં નામો તેમણે જે સ્પર્ધામાં ભાગ લીધો તેની સાથે નીચે દર્શાવ્યાં છે.

(૧) હળવું કંઠય સંગીત : અ વિભાગ : **તૃપ્તિ દેસાઈ** – પ્રથમ ઇનામ.
: બ વિભાગ : **વસુમતી પટેલ** – દ્વિતીય ઇનામ.
(૨) લોકગીત-ભજન : બ વિભાગ : **વસુમતી પટેલ** – દ્વિતીય ઈનામ.
(૩) એકપાત્રીય અભિનય : અ વિભાગ : **ભરત દેસાઈ** – પ્રથમ ઇનામ.
: અ વિભાગ : **ઝરણા પટેલ** – તૃતીય ઈનામ.
(૪) નિબંધ સ્પર્ધા : અ વિભાગ : **પંકજ રાઠોડ** – પ્રથમ ઇનામ.
(૫) વકતૃત્વ સ્પર્ધા : બ વિભાગ : **કિશોરસિંહ પરમાર** – દ્વિતીય ઇનામ.
: **છોટુભાઈ પટેલ** ,, ,,

આ ઉપરાંત આ જ મહોત્સવમાં આજની પ્રવર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ ફેંકતું **પ્રા. શ્રી જયેન્દ્ર શેખડીવાળા** લેખિત એકાંકી 'ઈન્ડીયા ટુ ડે' પણ રજૂ કરવામાં આવ્યું.

તા. ૧૭–૧૦–૮૦ના રોજ વિદ્યાર્થીઓના મનોરંજન માટે બે ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું જેમાં એક હિન્દી (દર્પણ) અને એક અંગ્રેજી (વે આઉટ વેસ્ટ) ફિલ્મ બતાવવામાં આવી.

વલસાડ ખાતે દિવાળી વેકેશન દરમ્યાન યોજાયેલ ગરબા મહોત્સવમાં પણ આ કોલેજે પ્રતિનિધિત્વ કર્યું અને તેમાં દ્વિતીય ઇનામ પ્રાપ્ત કર્યું.

તા. ૯–૧૨–૮૦ના રોજ, સર સી. જે. એન. ઝેડ. મદ્રેસા હાઈસ્કૂલ, નવસારી ખાતે વલસાડ જિલ્લાનો તેરમો યુવક મહોત્સવ યોજાયો; જેમાં તાલુકા કક્ષાએ પ્રથમ ઈનામ પ્રાપ્ત કરનાર આ કોલેજના સ્પર્ધકોએ ભાગ લીધો. એમાં **કુ. તૃપ્તિ દેસાઇ** હળવા કંઠય સંગીતમાં તથા **શ્રી ભરત દેસાઇ** એકપાત્રીય અભિનય સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા બન્યા.

બીલીમોરા ખાતે યોજાયેલ એકપાત્રીય અભિનય સ્પર્ધામાં પણ આપણી કોલેજના વિદ્યાર્થી **શ્રી ભરત દેસાઈએ** પ્રતિનિધિત્વ કર્યું. સાંસ્કૃતિક સમિતિ તરફથી એમને ત્યાર બાદ કપડવંજ ખાતે યોજાયેલ નાટય શિબિરમાં ભાગ લેવા માટે મોકલવામાં આવ્યા.

તા. ૨૨, ૨૩, ૨૪ ડિસેમ્બર, ૧૯૮૦ દરમ્યાન ભરુચ મુકામે ત્યાંની શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના ઉપક્રમે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો અગિયારમો યુવક મહોત્સવ યોજવામાં આવ્યો; જેમાં આ કોલેજે હળવું કંઠય સંગીત, એકાંકી, એકપાત્રીય અભિનય, ગરબા તથા લોકનૃત્યની સ્પર્ધાઓમાં ભાગ લીધો. એમાંથી લોકનૃત્યની સ્પર્ધામાં આ કોલેજ તૃતીય ઈનામને પાત્ર ઠરી. આ કોલેજને સૌ પ્રથમ આવું ગૌરવ અપાવનાર આ લોકનૃત્યના કલાકારો હતા. **શ્રી મોહનભાઈ માહલા, શ્રી દિનેશભાઇ ચૌધરી, શ્રી નવનીતભાઇ ચૌધરી, શ્રી રમેશભાઇ દેશમુખ,** કુ. સવિતાબેન ગાવિત, કુ. નંદીબેન પટેલ, કુ. **વનીતાબેન પટેલ** તથા **કુ. લીલાબેન પટેલ.**

છેલ્લા કેટલાક સમયથી શિક્ષણ–જગતમાં પ્રવર્તતી પ્રતિકૂળ પરિસ્થિતિને પરિણામે ૧૯૮૦–૮૧ના વર્ષનો આપણી કોલેજનો વાર્ષિક દિન, પૂરતી તૈયારી હોવા છતાં ઊજવી શકાયો નથી, તેની આ સમિતિ સખેદ નોંધ લે છે.

આખા વર્ષ દરમ્યાન અમે આદરેલી તમામ પ્રવૃત્તિઓ જેમનાં સાથ, સહકાર, પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન વિના મૂર્તિમંત સ્વરૂપ ન જ પામી શકી હોત, તેવા ઊંડી કલા સૂઝ ધરાવતા અને સતત અમારી વચ્ચે રહેનાર કોલેજના માનવંતા આચાર્યશ્રી ડૉ. **જી. જે. દેસાઇ** સાહેબનો, આ તબક્કે **અમે સૌ** પ્રથમ **હાર્દિક આભાર માનીએ છીએ.**

આ ઉપરાંત અમારી પ્રવૃત્તિઓમાં સતત સક્રિય સાથ-સહકાર આપનાર સૌ વિદ્યાર્થી ભાઇ-બહેનો, કોલેજના તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રો, કોલેજના યુ. આર. **શ્રી સુનીલ દેસાઇ** તથા વિદ્યાર્થી મંડળના તમામ સભ્યો, કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી કલાકાર ભાઈ શ્રી **રાજન શેઠ**, નવસારી નગર-પાલિકામાં બિલ્ડીંગ ઇન્સ્પેકટર તરીકે સેવા આપતા **શ્રી પંકજ નાયક**, ચીખલી હાઇસ્કૂલમાં સેવા આપતાં શ્રીમતી **સુચીતાબેન નાયક**, ચીખલી પ્રાથમિક શાળામાં સેવા આપતાં શ્રીમતી **મધુબેન નાયક**, જે. જે. મહેતા હાઇસ્કૂલ (બીલીમોરા) માં સેવા આપતા બંસરી કલાકાર શ્રી **ગૌરાંગભાઈ કોન્ટ્રાકટર** વગેરેના અમે હાર્દિક આભારી છીએ.

અને છેલ્લે, અમારી પ્રવૃત્તિઓમાં કોલેજમાં દાખલ થયા ત્યારથી આજ સુધી સક્રિયપણે ભાગ લેનાર અમારાં સહકાર્યકર્તા સમાન કેટલાક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, જેમનાં નામો નીચે દર્શાવ્યાં છે, તેઓ આ વર્ષે એમનો વિદ્યાભ્યાસ પૂર્ણ કરી કોલેજમાંથી વિદાય લઈ રહ્યાં છે. અમને આજ સુધી સહકાર આપવા માટે અમે એમનો હાર્દિક આભાર માનીએ છીએ. અને તેઓ હજી પણ આ ક્ષેત્રમાં આગળ વધે એવી શુભેચ્છા પાઠવીએ છીએ.

(૧) કુ. **વસુબેન આર. પટેલ** (૨) **પ્રીતિબાલા જી. દેસાઈ** (૩) **શ્રી સુનીલ ડી. દેસાઇ** (યુ. આર.) (૪) **શ્રી છોટુભાઈ પી. પટેલ** (૫) **શ્રી દીપક એચ. પટેલ** (૬) **શ્રી અબ્દુલગની શેખ** (૭) **શ્રી બલદેવ આર. પટેલ** (૮) **શ્રી પ્રકાશ પટેલ** (૯) **શ્રી કિશોરસિંહ ટી. પરમાર** (૧૦) **મીકુલભાઈ એન. પટેલ** (૧૧) કુ. **ભારતી પી. દેસાઇ** (૧૨) કુ. **નીતા આર. દેસાઈ.**

રમતગમત :

ગત વર્ષની માફક આ વર્ષે પણ આ કોલેજે નીચે પ્રમાણેની રમતોમાં ભાગ લીધો હતો. ટેબલ ટેનિસ, વોલીબોલ, ક્રિકેટ, ખો-ખો, કબડ્ડી તથા ખેલકૂદ સ્પર્ધા

**ટેબલ ટેનિસ :** ટેબલ ટેનિસની ટુર્નામેન્ટ આ વર્ષે પી. ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સુરતમાં યોજાઈ હતી. તેમાં આ કોલેજે ભાગ લીધો હતો.

**ક્રિકેટ :** ક્રિકેટની "ડી" ઝોન ટુર્નામેન્ટ આ વર્ષે બી. કે. એમ. સાયન્સ કોલેજ, વલસાડના મેદાનમાં યોજાઈ હતી. તેમાં આ કોલેજે ભાગ લીધો હતો.

**કબડ્ડી :** કબડ્ડી ટુર્નામેન્ટ આ વર્ષે આર્ટ્સ કોલેજ, વલસાડના પટાંગણમાં યોજાઇ હતી. તેમાં આ કોલેજે પી. ટી. સાયન્સ કોલેજ, સુરતને હરાવી હતી. અને એમ. ટી. બી. આર્ટ્સ કોલેજ, સુરત સામે હાર થઈ હતી, છતાં દેખાવ ઘણો જ સુંદર રહ્યો. તેમાં કેપ્ટન **પટેલ એ. સી., પરમાર આઈ. એલ.,** ગામીત **ડી. સી.**એ સુંદર દેખાવ કર્યો હતો.

**ખો-ખો :** (ભાઈઓ) ખો-ખો ટુર્નામેન્ટ આ વર્ષે સર કે. પી. કોલેજ ઓફ કોમર્સના મેદાનમાં યોજાઈ હતી. તેમાં આ કોલેજ, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવાડ તેમજ એમ. ટી. બી. આર્ટ્સ કોલેજ, સુરતને હરાવી યુનિ. **રનર્સ અપ** થઈ હતી. કેપ્ટન **પટેલ એ. સી., પટેલ ડી. એમ., પટેલ એમ. આર.** એ સુંદર દેખાવ કર્યો હતો.

**ખો-ખો :** (બહેનો) ખો-ખો ટુર્નામેન્ટનું **આ** વર્ષે આ કોલેજનાં મેદાનમાં આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કોલેજ ટીમ વલસાડ આર્ટ્સ કોલેજ તેમજ કે. પી. કોમર્સ, સુરતને હરાવી **યુનિ. ચેમ્પીયન** થઈ તેમાં કેપ્ટન **કુ. પટેલ પાર્વતીબેન, કુ. પટેલ રામીબેન, કુ. પટેલ સવિતાબેન** તેમજ **કુ. રાઠોડ કમળાબેને** સુંદર દેખાવ કર્યો હતો.

